RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 123, Dt.2-08-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ઉત્તરાખંડમાં ભારે વરસાદ બાદ ભૂસ્ખલનથી ૧૬ના મોત



## ૧૫૦૦થી વધુ ફસાયેલાં લોકોને સુરક્ષિત બહાર કઢાયાઃ કેદારનાથ સંપૂર્ણ સંપર્ક વિહોણું થયુંઃ ભારે તારાજીને પગલે ચારધામ યાત્રા સ્થગિતઃ એરફોર્સની મદદ લેવાઈ

**મુખ્ય સમાચાર, દહેરાદુન**

ઉત્તરાખંડમાં કેદારનાથ નજીક વાદળ ફાટવાની ઘટના બાદ હવે ભૂસ્ખલનનો દોર શરુ થયો હોય તેમ ઠેકઠેકાણે પર્વતો પરથી વિશાળ શિલા-પથ્થરો વરસતા ભારે તારાજી સર્જાઈ છે. ૧૬ લોકોના મોત નિપજયા છે અને છ લોકો ઘાયલ થયા છે.

ઉત્તરાખંડમાં સળંગ બે દિવસથી અતિ ભારે વરસાદને કારણે પુર પરીસ્થિતિ વચ્ચે હવે ભૂસ્ખલનની ઘટનાઓથી હાહાકાર સર્જાયો છે. કેદારનાથ સંપૂર્ણ સંપર્કવિહોણુ થઈ ગયુ છે અને ૪૫૦થી વધુ યાત્રાળુઓ ફસાઈ ગયાનું બહાર આવ્યું છે.

કેદારનાથ નજીક ભીમબલી રૂટ પર ભૂસ્ખલન સર્જાવાને કારણે સમગ્ર કેદારનાથ વેલી સંપર્ક વિહોણી થઈ ગઈ છે અને ૪૫૦ જેટલા લોકો ફસાયા છે તેવી જ રીતે સોનપ્રયાગ અને ગૌરીકુંડ વચ્ચેનો કેદારનાથ હાઈવે સંપૂર્ણ ધોવાઈ ગયો છે. પરિણામે ચારધામ યાત્રા અટકાવી દેવામાં આવી છે.

ઉત્તરાખંડના મુખ્યમંત્રી દ્વારા જારી કરાયેલા નિવેદનમાં એમ જણાવવામાં આવ્યું છે કે કેદારનાથના માર્ગ પર અનેક સ્થળોએ ભૂસ્ખલન સર્જાયા હોવાથી કામચલાઉ ધોરણે યાત્રા સ્થગીત કરી દેવામાં આવી છે. આજે સવારથી ભૂસ્ખલનના માર્ગો પર રાહત-બચાવ કામગીરી માટે એરફોર્સની મદદ મેળવવામાં આવી છે.

એક ચિનુક અને એક એમઆઈ-૧૭ હેલીકોપ્ટરને બચાવ કામગીરીમાં તૈનાત કરવામાં આવ્યા છે. કેદારનાથ મંદિર અને લીંચોલીમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે ઓપરેશન શરુ કરાયું છે.


# ગુજરાતમાં દિકરીઓ સુરક્ષિત છે તેવા દાવાઓ પોકળઃ ૫૦૧૧ યુવતીઓ લાપત્તા

## કેન્દ્રીય ગૃહ મંત્રાલયના લોકસભામાં રજૂ કરાયેલાં રિપોર્ટમાં થયો ઘટસ્ફોટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સુરતમાં થયેલી હત્યા નજરે જોયા અને તેને આરોપીની ઓળખ પરેડ કરવાનો હતી. પરંતુ યુવક ઓળખ પરેડમાં આરોપીને ઓળખી ન શકતા તેનો ખાર રાખી તેંઆ પર હુમલો કરવામાં આવ્યો હતો.

બનાવ અંગે જસદણમાં ગંગા ભુવન શેરીમાં રહેતાં તૃષિતભાઈ ભરતભાઈ ધોરડા (ઉ.વ.૨૭) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે તેજસ ભરત રાઠોડ, તેજસનો કૌટુંબિક ભાઈ લાલો, લાલાનો ભાઈ, તેજસના કાકા ભરતનું નામ આપતાં જણાવ્યું હતું કે, અગાઉ તે સુરત રહેતા હોય ત્યાં અજય કિશોરભાઈ રાઠોડનું મર્ડર થયાનું નજરે જોયેલ હોય જેથી ઓળખ પરેડમાં આરોપીને ઓળખી શકેલ ના હોય ત્યારથી તેના પરિવારને તેમની ઉપર ખાર




રાખેલ હતો, જેથી અજયના ભાઈ તેજસ રાઠોડ તેમને ચાલુ ગાડીએ પથ્થરનો ઘા કરી ગાડી ઊભી રાખી અને તેજસ તેના મમ્મી તથા તેના કાકા ભરત પણ ઘસી આવી ઢીકાપાટુનો માર માર્યો હતો. જેથી આ મામલે પોલીસે ગુનો નોંધ્યો છે.

બેટી બચાવો-બેટી પઢાઓ', 'ગુજરાતમાં દિકરીઓ સુરક્ષિત છે' તેવા દાવાઓ કરવામાં આવી રહ્યા છે ત્યારે આ વાત પોકળ સાબિત થઈ છે તેનુ કારણ એ છે કે, સલામત ગુજરાતમાં મહિલાઓ જ સલામત રહી નથી. ખુદ કેન્દ્રીય ગૃહમંત્રાલયે લોકસભામાં આકડા રજૂ કર્યાં છે કે, ગુજરાતમાં વર્ષ ૨૦૨૨ સુધીમાં ૫૦૧૧ મહિલાઓનો કોઈ અતોપતો નથી. આ ડરામણું ચિત્ર ચિંતા ઉપજાવે તેમ છે.મહિલાઓ અડધી રાત્રે ફરી શકે છે તેવી ડીંગો હાંકવામાં આવી રહી છે ત્યારે ગુજરાતમાં દર મહિને અંદાજે ૮૦૦ મહિલાઓ કોઈને કોઈ કારણોસર ગૂમ થાય છે. પારાવારિક વિવાદ-ઘરકંકાશ, પ્રેમલગ્ન, માનસિક બિમારી જેવા કારણોસર મહિલાઓ ઘર છોડી જાય છે.

# ફરીવાર નીટની પરીક્ષા યોજવાની માંગ કરતી અરજીઓ ફગાવતી સુપ્રીમ

## નીટ પેપર લીક વ્યાપકસ્તરે થયુ નથીઃ ફેર પરીક્ષા નહીં યોજાય

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નીટની પરીક્ષા અંગે દાખલ અરજીઓ પર સુપ્રીમ કોર્ટે મહત્ત્વપૂર્ણ ચુકાદો આપી દીધો છે. સીજેઆઈ ચંદ્રચૂડે કહ્યું કે પેપર લીક વ્યાપક સ્તરે થયું નથી. નેશનલ ટેસ્ટિંગ એજન્સી હવે આગળથી ધ્યાન રાખે. આ પ્રકારની બેદરકારીથી બચે. સીજેઆઈએ આટલું કહેતા જ ફરીવાર નીટની પરીક્ષા યોજવાની માગ કરતી અરજીઓ ફગાવી દીધી હતી.

કોર્ટે કહ્યું કે, તમામ પક્ષકારોની દલીલો સાંભળ્યા બાદ અમે આ નિષ્કર્ષ પર પહોંચ્યા છીએ કે પેપર લીકની અસર હજારીબાગ અને પટના સુધી જ મર્યાદિત છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે પરીક્ષામાં હાજર રહેલા ઉમેદવારોની ઓળખ સુનિશ્ચિત કરવાની અને પેપર લીક થવાને રોકવા




માટે સ્ટોરેજ માટે જ્યડ્તૈયાર કરવાની જવાબદારી સરકાર અને ગઝઅની છે.

સીજેઆઈએ સુનાવણી દરમિયાન કહ્યું કે અમે એ નિષ્કર્ષ પર પહોંચ્યા છીએ કે પેપર કોઈ સિસ્ટમેટિક રીતે બ્રીચ નહોતું થયું. લીકની ઘટના ફક્ત પટણા અને હઝારીબાગ સુધી જ મર્યાદિત હતી. અમે એનટીએની માળખાકીય પ્રક્રિયાઓમાં તમામ ખામીઓ શોધી કાઢી છે. વિદ્યાર્થીઓનું સારું ઈચ્છતા અમે તેને સાંખી નહીં લઈએ.સીજેઆઈએ આ મામલે ચુકાદો સંભળાવતા કહ્યું કે હવેથી પેપરને ઓપન ઈ-રિક્ષામાં લઈ જવાની જગ્યાએ રિયલ ટાઈમ ઈલિક્ટ્રોનિક લોક સિસ્ટમ સાથે બંધ વાહનમાં મોકલવાની વ્યવસ્થા પર વિચારવામાં આવે. સમિતિ વિદ્યાર્થીઓની માનસિક હાલતમાં સુધારો કરવાના કાર્યક્રમની યોજનાઓ અંગે ભલામણ કરે.આ સાથે વિદ્યાર્થીઓ પર થયેલી માનસિક અસરનું આકલન પણ કરે. આ સાથે સમિતિને એનટીએના સભ્યો, પરીક્ષકો, કર્મચારીઓ વગેરેની ટ્રેનિંગની વ્યવહારિતા પર વિચાર કરવાનું સૂચન કરાયું જેથી પરીક્ષાની અખંડતાને સારી રીતે સંભાળી શકાય.

# ચોમાસુ અડધું વીતી જવા છતાં ૮ રાજ્યોમાં વરસાદની ભારે અછત, IMDની લેટેસ્ટ અપડેટ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ચોમાસાની ઋતુ લગભગ અડધી વીતી ચૂકી છે અને ભારતમાં હવામાન સંબંધી ૩૬ સબડિવીઝનમાંથી ૨૫ ટકામાં ઓછો વરસાદ નોંધાયો છે. ભારતીય હવામાન વિભાગના આંકડા અનુસાર જુલાઈમાં દેશમાં સામાન્ય એટલે કે ૨૮૦.૫ મિમીથી નવ ટકા વધુ વરસાદ થયો જે ૩૦૬.૬ મિમી છે. એક જૂનથી ૪૪૫.૮ મિમીના સામાન્ય વરસાદની સરખામણીએ ૪૫૩.૮ મિમી વરસાદ થયો, જે બે ટકા વધુ છે.

જુલાઈમાં વરસાદ અસમાન રહ્યો. પૂર્વ ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળમાં ગંગાના મેદાની વિસ્તારો અને પૂર્વોત્તરના અમુક ભાગોમાં ખૂબ ઘટાડો નોંધવામાં આવ્યો. હરિયાણા, પંજાબ, હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં વરસાદમાં ઘટાડો ૩૫ ટકાથી ૪૫ ટકા સુધી રહ્યો. આઈએમડીના આંકડા અનુસાર ૧૩ સબડિવીઝનમાં સરેરાશથી વધુ વરસાદ, ૧૪માં સામાન્ય અને ૯માં ઓછો



વરસાદ નોંધાયો.

પૂર્વ અને પૂર્વોત્તર ભારતમાં વરસાદનો ઘટાડો 30 જૂને ૧૩.૩ ટકાથી વધીને ૧૩ જુલાઈએ ૧૯ ટકા થઈ ગયો તથા આ વિસ્તારમાં ચોમાસાની સિઝનમાં અત્યાર સુધી ૭૫૨.૫ મિની સામાન્ય વરસાદની સરખામણીએ ૬૧૦.૨ મિમી વરસાદ પડ્યો. ઉત્તર-પશ્ચિમ ભારતમાં જુલાઈમાં ૧૮૨.૪ મિમી વરસાદ પડ્યો જ્યારે સામાન્ય રીતે ૨૦૯.૭ મિમી વરસાદ પડે છે. જેમાં ૧૩ ટકાનો ઘટાડો આવ્યો. આ વિસ્તારમાં આ સિઝનમાં અત્યાર સુધી ૨૩૫ મિમી વરસાદ પડ્યો જ્યારે સામાન્ય રીતે ૨૮૭.૮ મિમી વરસાદ પડે છે એટલે કે ૧૮ ટકાનો ઘટાડો આવ્યો છે.આંકડા અનુસાર મધ્ય ભારતમાં જુલાઈમાં સામાન્યથી ૩૩ ટકા વધુ એટલે કે ૪૨૭.૨ મિમી વરસાદ પડ્યો જ્યારે સામાન્ય રીતે ૩૨૧.૩ મિમી વરસાદ પડે છે. આ વિસ્તારમાં આ સિઝનમાં અત્યાર સુધી ૫૭૪.૨ મિમી વરસાદ નોંધાયો છે જ્યારે સામાન્ય રીતે ૪૯૧.૬ મિમી વરસાદ પડે છે.


# ઈઝરાયેલ-હમાસ યુધ્ધનો અંત નહીં આવેઃ ઈઝરાયેલ પર લેબનોનનો રોકેટમારો

## મહાયુદ્ધના ભણકારાઃ મધ્ય પૂર્વમાં સ્ફોટક બનતી સ્થિતિઃ હિઝબુલ્લા કમાન્ડરને ઈઝરાયેલે ફુંકી મારતા બદલો લેવા લેબનોનનું વળતુ આક્રમણ

**મુખ્ય સમાચાર, બૈરુત**

ઈઝરાયેલ-હમાસ યુદ્ધનો અંત નથી તેવા સમયે હવે મધ્યપુર્વમાં મહાયુદ્ધના ભણકારા શરૂ થયા હોય તેમ ઈઝરાયેલના બદલા બાદ હવે લેબેનોને આક્રમણ શરુ કર્યું છે. હિઝબુલ્લાના કમાંડર ફૌદ શુકર ની હત્યા બાદ લેબેનોને ઈઝરાયેલ પર મિસાઈલ મારો શરુ કરી દીધો છે તેને પગલે આવતા દિવસોમાં ટેન્શન વધુ ગંભીર બનવાના ભણકારા વાગી રહ્યા છે.

લેબેનોન દ્વારા ઉતરીય ઈઝરાયેલ પર ૬૦ રોકેટ છોડવામાં આવ્યા હતા. જોકે તેનાથી જાનહાની કે નુકશાની થયાના કોઈ રિપોર્ટ નથી. ઈઝરાયેલના સરકારી ટેલિવિઝન નેટવર્ક પરથી એવુ જાહેર



કરવામાં આવ્યુ હતું કે પશ્ચિમી ગલીલી તરફ લેબેનોને રોકેટ મારો કર્યો હતો. તેમાંથી ૧૫ રોકેટ અધવચ્ચે જ આંતરીને નાશ કરી દેવામાં આવ્યા હતા.

ઈઝરાયેલી સૈન્ય દ્વારા એવુ જાહેર કરવામાં આવ્યું છે કે, કેટલાક રોકેટ નિષ્ફળ બનાવાયા હતા અને બાકીના ખુલ્લી જગ્યામાં પડયા હતા. એટલે નુકશાની કે જાનહાની થવાનો કોઈ સવાલ ઉભો નથી. આક્રમણ વિશે હિઝબુલ્લા દ્વારા કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી પરંતુ ઈઝરાયેલ દ્વારા હુમલો થયાનો સ્વીકાર કરાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઈઝરાયેલે બે દિવસ પુર્વે લેબેનોન પર એરસ્ટ્રાઈક કરી હતી જેમાં હિઝબુલ્લ કમાંડર શુકર માર્યો ગયો હતો. તેના સિવાય બે બાળકો સહિત અન્ય છ લોકોના પણ મોત થયા હતા. ઈઝરાયેલ શાસીત ક્ષેત્રમાં હિઝબુલ્લાએ મિસાઈલ હુમલો કર્યો હતો તેમાં ૧૨ બાળકોના મોત નિપજયા હતા.

આ ઘટના માટે શુકરને જવાબદાર ગણીને ઈઝરાયેલે તેને નિશાન બનાવ્યો હતો. ઈઝરાયેલે બે દિવસ પુર્વે એક જ દિવસમાં બે ઓપરેશન કર્યા હતા. જેમાં ઈરાન પરના એટેકમાં હમાસના વડાને પણ ફુકી મારવામાં આવ્યો હતો. ઈઝરાયેલના આ કૃત્યથી ઈરાન પણ છંછેડાયેલ છે અને તેના દ્વારા પણ ઈઝરાયેલ પર હુમલા કરવાની તૈયારી શરુ કરવામાં આવી છે. મધ્ય પુર્વમાં બદલાયેલા ઘટનાક્રમમાં આવતા દિવસો હજુ વધુ ભયાનક બની રહેવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે અને તેનાથી સમગ્ર દુનિયા ટેન્શનમાં આવ્યાનું ચિત્ર ઉપસ્યુ છે.

# વાયનાડમાં ભુસ્ખલનથી ૨૮૩ લોકો મોતને ભેટયાઃ રાહુલ-પ્રિયંકા પિડિત પરિવારોને મળ્યાઃ મૃતદેહો શોધવાનું કામ ચાલુ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેરળના વાયનાડમાં ભારે વરસાદ બાદ ભૂસ્ખલનમાં મૃત્યુઆંક ૨૮૩ પર પહોંચી ગયો છે. ૧૩૦ લોકો હોસ્પિટલમાં છે, જ્યારે ૨૪૦થી વધુ લોકો આજે ત્રીજા દિવસે પણ ગુમ છે. હવામાન વિભાગે આજે (ગુરુવારે) ફરી વાયનાડમાં વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમે ફરી કેટલીક જગ્યાએ ભૂસ્ખલનનો ભય વ્યક્ત કર્યો છે.

આ દરમિયાન સેનાના જનરલ કમાન્ડર ઓફિસર મેજર જનરલ વીટી મેથ્યુએ જણાવ્યું હતું કે, બચાવ કાર્ય પૂર્ણ થઈ ગયું છે. હવે અમે માત્ર મૃતદેહો શોધવાનું કામ કરી રહ્યા છીએ. જો અમને ઘરમાં કોઈ ફસાયું હોય તો અમે તેને બચાવી લઈશું. વરસાદના કારણે કામકાજમાં સમસ્યા છે. અહીં આર્મીની ૫ ટીમો અને ૩ ડોગ્સ તૈનાત કરવામાં આવ્યા છે. જોખમને કારણે સાંજે કામગીરી બંધ કરી દેવામાં આવશે.

આ દરમિયાન રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી ચુરલમાલા પહોંચ્યા અને પીડિતોને મળ્યા હતા. અહીં





ભૂસ્ખલનથી સૌથી વધુ નુકસાન થયું છે. અહીંયા બંને રાહત શિબિરમાં પણ પીડિતોને મળ્યા હતા. રાહુલે વાયનાડ અને રાયબરેલીથી લોકસભા ચૂંટણી જીતી હતી. તેમણે વાયનાડ બેઠક છોડી દીધી હતી. હવે પ્રિયંકા વાયનાડથી ચૂંટણી લડવા જઈ રહી છે.

મુંડક્કાઈ, ચુરલમાલા, અટ્ટમાલા અને નૂલપુઝા ગામમાં સોમવારે રાત્રે લગભગ ૨ વાગ્યાથી મંગળવારે સવારે ૪ વાગ્યાની વચ્ચે ભૂસ્ખલન થયું હતું. મકાનો, પુલ, રસ્તા અને વાહનો ધોવાઈ ગયા હતા.

બુધવારે મોડી રાત સુધી ૧૫૯૨ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા, ૩ હજાર લોકોને રાહત શિબિરોમાં મોકલવામાં આવ્યા છે.ગૃહમંત્રી અમિત શાહે બુધવારે સંસદમાં કહ્યું- કેરળ સરકાર ૨૩-૨૪ જુલાઈએ જ એલર્ટ થઈ ગઈ હતી, જો સરકારે લોકોને સમયસર હટાવ્યા હોત તો આટલું નુકસાન ન થયું હોત.

આના પર કેરળના સીએમ વિજયને કહ્યું- જ્યારે આવું કંઈક થાય છે, ત્યારે તમે અન્ય પર દોષારોપણ કરીને જવાબદારીમાંથી છટકી શકતા નથી. ઈંખઉ એ દુર્ઘટના પહેલા એકવાર પણ રેડ એલર્ટ જારી કર્યું ન હતું. મુખ્યમંત્રીએ ગુરુવારે કોઝિકોડથી વાયનાડ સુધી હવાઈ પ્રવાસ કરીને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. આ પછી તે વાયનાડના કાલપેટ્ટામાં સિવિલ સ્ટેશન પહોંચ્યો. તેમણે સર્વપક્ષીય બેઠક યોજી હતી. તે અધિકારીઓ સાથે બેઠક પણ કરશે.

કેરળ વિધાનસભાના સ્પીકર એએન શમસીર પણ પીડિતોની હાલત જાણવા મેપ્પડીના આરોગ્ય કેન્દ્ર પહોંચ્યા. અહીં ૯૦ મૃતદેહો રાખવામાં આવ્યા છે.

# વંદે ભારત, રાજધાની, શતાબ્દી પૂરપાટ ઝડપે દોડશેઃ ૧૫ ઑગસ્ટથી ગતિ વધારવાનો આદેશ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આવનારા દિવસોમાં તમારી યાત્રા સુખદ જ નહીં પરંતુ સરળ અને ઝડપી પણ બનવા જઈ રહી છે. ભારતીય રેલવે ૧૫ ઑગસ્ટથી વંદે ભારત તેમજ રાજધાની, ઑગસ્ટ ક્રાંતિ રાજધાની, તેજસ અને શતાબ્દી એક્સપ્રેસ જેવી ટ્રેનોની સ્પીડ વધારવા જઈ રહી છે. ૧૩૦ કિ.મી. પ્રતિ કલાકના બદલે હવે આ ટ્રેનો ૧૬૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે દોડતી જોવા મળશે. એક અંદાજ મુજબ સ્પીડ વધતાં મુસાફરોનો ૪૫ મિનિટથી લઈને ૪ કલાક સુધીનો સમય બચી શકે છે. આનો અર્થ એ થયો કે હવે દિલ્હીથી મુંબઈની મુસાફરી માત્ર સરળ જ નહીં પરંતુ સમયની પણ બચત કરાવશે.

દેશની ટોચની ટ્રેનોની સ્પીડ ૧૩૦થી વધારીને હવે ૧૬૦ કિ.મી. પ્રતિ કલાક કરવામાં આવશે પરંતુ સૌથી મોટો સવાલ થાય કે શું સ્પીડ વધશે તો ટિકિટના ભાવ પણ વધશે? આ સવાલનો જવાબ છે, ના, ટ્રેનના ભાડામાં કોઈ વધારો કરવામાં આવશે નહીં. હાલમાં ૧૨૯૫૩ નિઝામુદ્દીન-મુંબઈ સેન્ટ્રલ ઑગસ્ટ ક્રાંતિ રાજધાની અને ૧૨૯૫૧ મુંબઈ સેન્ટ્રલ-નવી દિલ્હી રાજધાની દિલ્હી અને મુંબઈ



વચ્ચે લગભગ ૧૬ કલાકનો સમય લે છે, પરંતુ ૧૫ ઑગસ્ટ પછી આ યાત્રા ૧૨ કલાકમાં પૂર્ણ કરી શકાશે. આમ ૪ કલાકનો સમય બચશે. મહત્ત્વની વાત એ છે કે, સંભવિત છે કે રેલવે ટૂંક સમયમાં આ અંગે નવું ટાઇમ ટેબલ પણ જારી કરી શકે છે અને અમુક ટ્રેનોના રૂટ લાંબા અથવા ફ્રિકવન્સી વધી શકે છે.

પ્રાપ્ત વિગતો અનુસાર મુસાફરીના નવા શેડ્યુલમાં મુંબઈથી અમદાવાદ આવતી વંદે એક્સપ્રેસ ટ્રેન હવે મુંબઈ સેન્ટ્રલથી બપોરે ૩:૪૫ વાગ્યે ઉપડશે, જે અગાઉના ૩:૫૫ PMના શેડ્યુલ કરતાં દસ મિનિટ વહેલી હશે. વડોદરાઃ ૨૦:૧૧ વાગ્યે આગમન થશે ૨૦:૧૪ વાગ્યે પ્રસ્થાન થશે જે અગાઉ ૨૦:૧૬ અને ૨૦:૧૯ હતા તથા અમદાવાદ અગાઉના ૨૧:૨૫ના આગમનને સ્થાને ૨૧:૧૫ વાગ્યે આગમન થશે.મળતી માહિતી મુજબ, રેલવે વિભાગે પશ્ચિમ ઝોન રેલવેને ૧૫ ઑગસ્ટથી આ સ્પીડ લિમિટને લાગુ કરવા સૂચના આપી છે. રેલવે બોર્ડે પશ્ચિમ રેલવેના અધિકારક્ષેત્ર હેઠળના મુંબઈ-અમદાવાદ અને મુંબઈ-નાગદા રૂટ પર ૧૫ ઑગસ્ટથી ૧૬૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ટ્રેનો દોડાવવાની યોજના તૈયાર કરી છે. આ માટે રેલવે બોર્ડે ઝોનલ રેલવે હેઠળના તમામ સંબંધિત વિભાગોને ઉછઅને બ્લોક અને એસએન્ડટી/ટીઆરડી ટીમો પાસેથી જરૂરી કામ પૂર્ણ કરાવવા અને સુરક્ષા-સલામતી સુનિશ્ચિત કરવા જણાવ્યું હતુ. આ પ્રક્રિયા પૂર્ણ થઈ અને હવે લીલીઝંડી મળી છે.

પશ્ચિમ રેલવેના અધિકારીઓનું કહેવું છે કે ટ્રેનોને ૧૬૦ કિ.મી. સુધી ચલાવવા માટે તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. મુંબઈ-અમદાવાદ રૂટ, મુંબઈ-વડોદરા રૂટ, વડોદરાથી દાહોદ અને દાહોદથી નાગદા રૂટને ૧૬૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે અપગ્રેડ કરવામાં આવ્યા છે. આ રૂટ પર નવી ટેક્નોલોજીથી સજ્જ સિગ્નલ અને ઓવરહેડ ઇક્વિપમેન્ટ લગાવવામાં આવ્યા છે. આ રૂટ પરથી અનેક રેલ અવરોધો પણ દૂર કરવામાં આવ્યા છે.

મહત્ત્વની વાત એ છે કે આ ટ્રેનોમાં સ્લીપર ડેન્સિટી વધારવામાં આવી છે. કવચ ટેક્નોલોજી પણ લગાવવામાં આવી છે. મિશન રફ્તાર હેઠળ ટ્રેક અપગ્રેડેશનને કારણે તમામ પ્રીમિયમ ટ્રેનો ૧૬૦ કિ.મી.ની ઝડપે દોડશે પરંતુ આનાથી ભાડા પર કોઈ અસર નહીં થાય. ઝડપ વધવાથી દોડવાના સમયમાં ફરક પડશે, જેના કારણે અનેક રૂટ પર નવી ટ્રેનો દોડાવી શકાશે.

### વાહનચાલકોની જિંદગી જોખમમાં

# જસદણ પાસે ભાદર નદીના પુલ પરનો રોડ ધોવાઈ ગયો, ડામર ઉખડી જતા સળિયા દેખાવા લાગ્યા

## માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ પુલના પેચવર્ક પાછળ દર વર્ષે લાખો રૂપિયા ખર્ચે છે

**મુખ્ય સમાચાર, બિજલ ભેસજાળિયા**





જસદણના બાયપાસ રોડ પર આવેલ ભાદર નદીના પુલની હાલત અત્યંત ગંભીર હાલતમાં ફેરવાઈ ગઈ છે. આ પુલમાં ખાડાઓ પડી ગયા હોવાથી આ પુલ ગમે ત્યારે ગંભીર દુર્ઘટના સર્જી શકે છે. વરસાદના લીધે ધોવાયેલા આ પુલ પરથી દરરોજ હજારો વાહનોની અવરજવર રહે છે. છતાં તંત્ર ઘોરનિદ્રામાં પોઢી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. ૧૯૯૮ માં બનેલા આ પુલનું થોડા મહિના પહેલા જ તંત્ર દ્વારા લાખો રૂપિયાના ખર્ચે પેચવર્ક કામ કરાયું હતું. જે વરસાદમાં ધોવાઈ જતા હાલ આ પુલના સળિયા દેખાવા લાગ્યા છે. છતાં માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓને આ જર્જરિત પુલ દેખાતો જ નથી. ભૂતકાળમાં અનેક જગ્યાએ પુલ ધરાશાયી થયાની ઘટના બનેલી તે હજુ લોકો ભૂલ્યા નથી. આ પુલ બન્યો તેના પણ ૨૦ વર્ષ કરતા વધુ વર્ષો થઈ ચુક્યા છે અને આ પુલ જસદણ-અમદાવાદ હાઈ-વે રોડને જોડતો મુખ્ય પુલ હોવાથી દરરોજ હજારો નાના-મોટા વાહનોની અવરજવર થયા કરે છે. છતાં આ જોખમી પુલ પરથી વાહન વ્યવહાર ચાલુ રાખી તંત્ર બીજી દુર્ઘટનાને જાણે કે નોતરું આપી રહ્યું હોય તેવા ઘાટ જોવા મળી રહ્યા છે.

આ પુલ ખુબ જૂનો હોવાથી જ્યારે પણ આ પુલમાં ગાબડાઓ પડે છે ત્યારે તંત્ર દ્વારા તેની યોગ્ય મરામત કરવાના બદલે માત્ર થિંગડા મારી ગાબડાઓ બુરી કામ કર્યાનો સંતોષ માની લેવામાં આવે છે. જેથી આ પુલ અકસ્માતે ધરાશાયી થાય અને જાનમાલની ખુવારી થાય તે પૂર્વે જવાબદાર તંત્રએ જાગવાની તાતી જરૂર છે. જો આ પુલ તુટશે તો મોટો ગોજારો અકસ્માત પણ સર્જાઈ શકે છે. ત્યારે અકસ્માતમાં કોઈનો જીવ જશે ત્યારે તંત્ર સહાય દેવા અને શ્રદ્ધાંજલિ પાઠવવા દોડશે તેના કરતા હજુ સમય છે.

ભાદર નદીના પુલ પર ભયસૂચક બોર્ડ માર્યા ન હોવાથી વાહનચાલકોના જીવ જોખમમાં મુકાયા.

જસદણના બાયપાસ રોડ પરનો ભાદર નદી ઉપરનો પુલ છેલ્લા ઘણા સમયથી અતિ જોખમી હાલતમાં ફેરવાઈ ગયો છે અને આ પુલ પરથી સરકારી બાબુઓ પણ સરકારી વાહનો લઈને પસાર થાય છે. છતાં તંત્રને આ બિસ્માર પુલની કફોડી હાલત દેખાતી નથી. હાલ આ પુલ પત્તાની માફક ધ્રુજી રહ્યો છે. છતાં જવાબદાર સરકારી બાબુઓ આંખ આડા કાન કરી રહ્યા હોવાથી વાહનચાલકોમાં અકસ્માતનો ભય વધ્યો છે. જો આ બિસ્માર પુલના લીધે કોઈ મોટી દુર્ઘટના સર્જાશે તો તેના જવાબદાર કોણ? તેવા આ પુલ પરથી પસાર થતા વાહનચાલકોમાં સવાલો ઉઠી રહ્યા છે. જેથી જવાબદાર તંત્ર દ્વારા વાહનચાલકો માટે આ પુલ પરથી પસાર થવામાં સાવધ રહેવાનું બોર્ડ લગાડવું જરૂરી બને છે.

# દેવકાની નોબેલ વર્લ્ડ સ્કૂલની હોસ્ટેલમાંથી ગુમ થયેલ વિદ્યાર્થીને ગણતરીની કલાકોમાં શોધી કાઢતી ડુંગર પોલીસ

**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**ભાવનગર:** ભાવનગર રેન્જ આઇ.જી.પી ગૌતમ પરમાર નાઓએ રેન્જના જીલ્લાઓમા શરીર સબંધી તેમજ મીલકત સબંધી આરોપીઓને શોધવા તેમજ નાસતા ફરતા આરોપી તેમજ ગુમ/અપહરણ થયેલ ઇસમોને શોધી તાત્કાલીક કાર્યવાહી કરવા સુચના આપેલ હોય જે અન્વયે અમરેલી પોલીસ અધીક્ષક હીંમકરસીંહ નાઓએ શરીર સબંધી તેમજ મીલકત સબંધી ગુન્હાઓના આરોપીઓને શોધી કાઢી તેમજ ગુમ/અપહરણ થયેલ ઇસમોને શોધી કાયદેસર કાર્યવાહી કરવા સુચના આપેલ હોય જેથી પરીણામ લક્ષી કાર્યવાહી કરવા સાવરકુંડલા વિભાગ મદદનીશ પોલીસ અધીક્ષક વલય વૈધ અને સર્કલ પોલીસ ઇન્સપેકટર રાજુલાનાઓ દ્વારા જરૂરી માર્ગદર્શન હેઠળ કામગીરી કરવામા આવેલ છે તેમજ આ કામની હકીકત એવી છે કે આજરોજ ડુંગર પો.સ્ટે.



વિસ્તારના દેવકા ગામે આવેલ નોબેલ વર્લ્ડ સ્કુલમાં આવેલ હોસ્ટેલમાં રહી ધોરણ ૧૦ માં અભ્યાસ કરતા પરેશભાઇ મહેશભાઇ મકવાણા રહે.જાફરાબાદ મામલતદાર કચેરીની સામે, તા.જાફરાબાદ જિ.અમરેલી વાળો વહેલી સવારના કોઇને કહ્યા વગર હોસ્ટેલમાંથી જતો રહેલ હોય જે અંગે તેના માતા-પિતા તેમજ હોસ્ટેલના ગૃહપતિએ ડુંગર પોલીસ સ્ટેશને સવારના ક.૧૧/30 વાગ્યે આવી જાણ કરતા તુરંતજ આર.એચ.રતન ઇં.પો.સબ.ઇન્સ ડુંગર પો.સ્ટે.નાઓએ તાત્કાલીક બે ટીમ બનાવી ગુમ થનાર વિદ્યાર્થીને શોધી કાઢવા કવાયત કરતા હ્યુમનસોર્સ તેમજ ટેકનીકલ સોર્સથી તપાસ કરતા જાણવા મળેલ કે આ કામે ગુમ થનાર પરેશભાઇ મહેશભાઇ મકવાણા રાજુલા બાજુ ગયેલ છે જેથી તરતજ પોલીસ ટીમ રાજુલા ખાતે જઇ તપાસ કરતા રાજુલા હઠીલા હનુમાનજીના મંદિર ખાતેથી ગુમ થનાર પરેશભાઇ મહેશભાઇ મકવાણા મળી આવેલ જેથી તેના માતા- પિતા તથા શાળાના સંચાલકો અને બાળકની વિગતવાર પુછપરછ કરતા બાળકને અભ્યાસ અહિંયા ન કરવો હોય જે કારણસર પોતાની મેળે જતો રહેલ હોવાનુ જાણાવતો હોય જેથી બાળકને હેમખેમ તેના માતા-પિતાને સોંપી આપેલ છે અને આ કામગીરી ડુંગર પો.સ્ટેના ઇં.પો.સબ.ઇન્સ આર.એચ. રતન,અનાર્મ હેડ કોન્સ ડી.ઇ. ગાહા,અનાર્મ હેડ કોન્સ એમ.એલ. ભેરડા,પો.કોન્સ. એમ.બી.બારૈયાનાઓ દ્વારા કરવામા આવેલ છે.

# રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમનું નવું પુસ્તક 'કોલ ઓફ ધ ગીર' ભેટ કર્યું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ આજે પોતાના નવા પુસ્તક 'કોલ ઓફ ધ ગીર'ની પ્રથમ નકલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પ્રધાનમંત્રી નિવાસ ખાતે એક નાનકડા પારિવારિક મિલન કાર્યક્રમમાં ભેટ કરી છે. વડાપ્રધાને આ પુસ્તકને ગરિમાપૂર્વક સ્વીકારવાની સાથે-સાથે નથવાણીના પરિવાર સાથે આનંદની પળો વિતાવી હતી.

આ પ્રસંગે, પરિમલ નથવાણીએ તેમનું આ પુસ્તક વડાપ્રધાનને 'પ્રોજેક્ટ લાયન અને લાયન એટ ૨૦૪૭ : અમૃતકાળની પરિકલ્પના' ના આર્ષદ્રષ્ટા તરીકે સમર્પિત કર્યું છે. આ પુસ્તકમાં વડાપ્રધાનનો સંદેશ પણ સામેલ છે.પુસ્તક અર્પણ કર્યા બાદ, પરિમલ નથવાણી સાથેના અનૌપચારિક સંવાદમાં,





વડાપ્રધાનએ ગીરના પ્રવાસન અંગે પૃચ્છા કરી હતી અને ગીરમાં વિદેશી પ્રવાસીઓને આકર્ષવા માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચર વધારવાની જરૂરીયાત પર ભાર મૂક્યો હતો. ગીર અભયારણ્યની આસપાસ વનીકરણને સઘન બનાવવાની તાતી જરૂરીયાત હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. વડાપ્રધાનએ આ સુંદર કોફી ટેબલ બૂક બહાર પાડવા અંગેની પરિમલ નથવાણીની પ્રતિબધ્ધતાને બિરદાવતા વડાપ્રધાનએ જણાવ્યું હતું કે તેમણે વ્યાવસાયિક અને જાહેર જીવનની જવાબદારીઓને સંતુલિત કરીને 'કોલ ઓફ ધ ગીર' (ગીરના સાદ) નો પ્રત્યુત્તર આપ્યો છે.કોલ ઓફ ધ ગીર' એ પરિમલ નથવાણીની વધુ એક કોફી-ટેબલ બુક છે. ખ્યાતનામ આંતરરાષ્ટ્રીય પ્રકાશક ક્વિગનોગ દ્વારા તેનું પ્રકાશન કરાયું છે.

અગાઉ ૨૦૧૭ માં, પરિમલ નથવાણીએ પુસ્તક 'ગીર લાયન્સઃ પ્રાઈડ ઓફ ગુજરાત' લખ્યું હતું, જેનું પ્રકાશન ટાઈમ્સ ગ્રુપ બુક્સ (ટીજીબી) દ્વારા કરાયું હતું.રાજ્યસભાના સાંસદ તેમજ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના કોર્પોરેટ અફેર્સના ડાયરેક્ટર પરિમલ નથવાણીએ આ પ્રસંગે વડાપ્રધાનનો આ પુસ્તકના આદરપૂર્વક સ્વીકાર બદલ આભાર માન્યો હતો. તેમણે કહ્યું હતું કે, મારા માટે એ અત્યંત ગર્વની વાત છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીએ આ પુસ્તકને ધીરજપૂર્વક નિહાળ્યું છે. અગાઉ નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા તે સમયે અને હાલ તેઓ ભારતના વડાપ્રધાન છે ત્યારે પણ તેમણે ગીર, ગુજરાતમાં એશિયાટિક સિંહોના સંવર્ધન અને રક્ષણ માટે ઘણું કામ કર્યું છે.

# સીટી 'એ' ડીવીઝન ખાતે મળી આવેલ અજાણી મહિલાની ઓળખ કરવા કાર્યવાહી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર સીટી.'એ' ડીવી. પોલીસ સ્ટેશન ખાતે પો.સ્ટે.ના સ્ટેડા એન્ટ્રી ૧૦૦ નંબર પોલીસ કંન્ટ્રોલની વર્ધીના આધારે ગત તા.૨૮/૦૭/૨૦૨૪ ના રોજ પો.સ્ટે ખાતે એક વાલી વારસ વગરની મહીલા કે જેઓનુ નામ વીલાશબેન કેશુભાઇ પોપટભાઇ દેવીપુજક ઉ.વ.આશરે ૨૪ રહે ભાવનગર વાળા, અહી યોગેશ્વરનગર



જામનગરથી મળી આવેલ હોય અને તેઓના કોઇ વાલી વારસ મળી આવ્યા નથી.જેથી તેમના વાલી વારસ મળી આવે તે માટે આ અજાણી મહીલાની ઓળખ અંગે પો.સબ.ઇન્સ. ડી.જી.રામાનુજ દ્વારા પો.કોન્સ. એ.ડી.જાડેજા મો.નં-૮૮૪૯૯૪૧૩૯૮ તથા જામનગર સીટી એ ડીવી.પોલીસ સ્ટેશન, ફોન નં-(૦૨૮૮) ૨૫૫૦૨૪૩ ખાતે જાણ કરવા યાદીમાં જણાવાયુ છે.

# જામનગરના બાલા હનુમાન મંદિરમાં ૬૦ વર્ષથી ચાલતી અખંડ રામધૂન









**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના લાખોટા તળાવની પાળ પર આવેલા બાલા હનુમાન મંદિરમાં ચાલતી અખંડ રામધૂનને આજે ૬૦ વર્ષ પૂર્ણ થયા છે અને ૬૧માં વર્ષમાં પ્રવેશ થયો છે. ૨૧,૯૧૪ દિવસથી ચાલતી અખંડ રામધૂનને ગિનિઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પણ સ્થાન મળી ચૂક્યું છે. સૌથી મહત્વની વાત એ છે કે, છેલ્લા ૬૦ વર્ષ દરમિયાન અનેક આફતો વચ્ચે પણ આ રામધૂન અખંડ રહી છે. આજે ૬૧માં વર્ષમાં અખંડ રામધૂનનો પ્રવેશ થતા મંદિરમાં ખાસ મહાઆરતી યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિતિ રહ્યા હતા.જામનગર શહેરની મધ્યમાં આવેલ તળાવની પાળે આવેલા શ્રી બાલ હનુમાન મંદિરમાં તારીખ ૧ ઓગસ્ટ ૧૯૬૪ના રોજ અખંડ રામધૂનના જાપ શરૂ કરવામાં આવ્યા હતા. જે વિશ્વ કલ્યાણની ભાવનાથી પ્રેમભિક્ષુજી મહારાજ દ્વારા શ્રીરામ જય રામ જય જય રામનો મંત્ર અખંડ જાપ શરૂ કરવામાં આવ્યું હતું અને આજ રોજ અખંડ રામધૂન અવિરતપણે ચાલુ છે. બીજી તરફ વાત કરવામાં આવે તો કોઈપણ કપરી પરિસ્થિતીમાં એક ક્ષણ પણ રામધૂન બંધ રહી નથી. છેલ્લે કપરા કોરોના કાળ,વાવાઝોડું, ભૂકંપ, ભારત - પાકિસ્તાન નું યુદ્ધ માં પણ રામધૂન અવિરતપણે ચાલુ રહી છે. આજરોજ એક ઓગસ્ટને ગુરુવારના ૬૦ વર્ષ પૂર્ણ કરીને ૬૧ મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. ત્યારે ૨૧,૯૧૪ દિવસ થયા અખંડ રામધૂન અવિરત પરે બાલા હનુમાન ખાતે ચાલુ રહી છે અને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પણ તેમનું નામ નોંધાઈ ચૂક્યું છે.વિશ્વપ્રસિદ્ધ બાલા હનુમાન મંદિરને અખંડ રામધૂનને આજરોજ ૬૧માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. ત્યારે બાલા હનુમાન મંદિર ખાતે અખંડ રામધૂન ગુરૂવારના રોજ ૬૧ વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. ત્યારે સાંજે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ લાભ લીધો હતો.

# વિંછીયા નજીક દૂધ ભરેલી રીક્ષા ઉંધી વળી જતા દૂધની ગંગા વહી...



**મુખ્ય સમાચાર, બિજલ ભેસજાળિયા**

**જસદણ:** વિંછીયા તાલુકાના હિંગોળગઢ ગામ નજીક એક દૂધ ભરેલી છકડો રીક્ષા ગોળાઈમાં અચાનક ઉંધી વળી ગઈ હતી. જોકે આ અકસ્માતના બનાવમાં રીક્ષા ચાલકનો આબાદ બચાવ થયો હતો. પરંતુ દૂધ ભરેલી રીક્ષા ઉંધી વળી જતા રોડ પર દૂધની ગંગા વહી હતી. આ બનાવમાં રીક્ષા ચાલકને ભારે નુકસાની વેઠવાનો વારો આવ્યો હતો.

# જામનગરમાં સત્યસાંઇ સ્કૂલ પાસે બહુમાળી ઈમારતના બાંધકામ દરમ્યાન લીફટ ઘસી પડતા ૪ ઘાયલ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં સત્યસાંઇ સ્કૂલ પાસે બહુમાળી ઈમારતના બાંધકામ દરમ્યાન લીફ્ટ ઘસી પડતા ૪ ઘાયલ થતાં ચારેયને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતાં.બનાવની પ્રાપ્ત વિગત અનુસાર શહેરમાં સત્યાસાંઇ સ્કૂલ પાસે બહુમાળી ઈમારતનું બાંધકામ ચાલી રહ્યું છે.જેમાં બાંધકામની કામગીરી દરમ્યાન ગુરૂવારે સાંજે ૪ કલાકની આસપાસ માલસામાન ચડવવાની લીફ્ટ ત્રીજા માળેથી ઘસી પડી હતી. આથી લીફ્ટમાં માલસામાન સાથે હેરફેર કરી રહેલા ચાર શ્રમિકો બાલીશ હીરા, મનોજ, મહેન્દ્ર અને વિજયને ઇજા પહોંચી હતી. આથી ચારેયને



૧૦૮ મારફત સારવાર અર્થે જી.જી.હોસ્પિટલમાં ખસેડાયા હતાં. બનાવના પગલે ભારે અફડાતફડી સાથે દોડધામ મચી ગઇ હતી.

# જામનગર જિલ્લાના માછીમારો માટે માછીમારી કરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર હવામાન વિભાગ, રાજ્ય સરકાર તરફથી કરવામાં આવેલ આગાહી મુજબ આગામી તારીખ ૦૩/૦૮/૨૦૨૪ સુધી ખરાબ હવામાન રહેવાનું હોય અને ભારે પવન ફુંકાવાની શક્યતા છે. જેના અનુસંધાને વડી કચેરી, ગાંધીનગર દ્વારા આધારિત પત્રથી અત્રેની કચેરીએથી આપવામાં આવેલ સુચના મુજબ જ્યાં સુધી અન્ય સુચના ન મળે ત્યાં સુધી જામનગર જિલ્લાના તમામ માછીમારોને દરિયો ન ખેડવા માટે જણાવવામાં આવે છે. તેમજ માછીમારી બોટોને દરિયામાં માછીમારી કરવા જવા માટેના ટોકન પણ ઈસ્યુ કરવાનું બંધ રાખવામાં આવ્યું છે.આથી અત્રેની કચેરી હસ્તકના તમામ મત્સ્ય ઉતરાણ કેન્દ્રો ખાતેથી તમામ માછીમારી બોટો, એક લકડી હોડીઓના માલિકો, પગડીયા માછીમારોને ઉકત આગાહી ધ્યાનમાં લેતા જ્યાં સુધી અન્ય સુચના ન મળે ત્યાં સુધી દરિયો ના ખેડવા માટે અને સાવચેતી રાખવા માટે જણાવવામાં આવે છે. કોઈપણ માછીમારી બોટોએ ટોકન લીધા વગર પણ માછીમારી કરવા માટે ના જવા જણાવવામાં આવે છે.તેમજ જિલ્લાના તમામ મત્સ્યકેન્દ્રો પરના માછીમારો, બોટ, હોડીઓના માલિકો, આગેવાનો, પ્રમુખશ્રી, મત્સ્યોધોગ સહકારી મંડળીઓ, એસોસીએશનોના હોદેદારોને ઉપરોકત સૂચનાઓનું ગંભીરત પૂર્વક પાલન કરાવવા માટે મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે. તેમજ જિલ્લાના વિવિધ ફિશરીઝ ગાર્ડ દ્વારા આ બાબતનું ગંભીરતપૂર્વક અમલ થાય તે રીતે કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

# હળવદના સરા રોડ ઉપર નવી બનતી સોસાયટીની સાઇટ ઉપરથી કડીયાના બાઇકની ચોરી

**મુખ્ય સમાચાર, હળવદ**

હળવદના સરા રોડ ઉપર પંચામૃત બંગલોઝ નામની સોસાયટી બનતી હોય ત્યારે તે સાઇટ ઉપર કડીયા કામ કરતા વઢવાણ ગામના કડીયાનું સાઇટ બહાર જાહેરમાં પાર્ક કરેલ બાઇક કોઈ જાણભેદુ દ્વારા ચોરી કરી લઈ ગયા હોય. હાલ બાઇક ચોરી અંગે પ્રથમ ઇ-એફઆઈઆર બાદ ગઈકાલે હળવદ પોલીસ મથકમાં રૂબરૂ ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા બાઇક ચોર અંગે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ ગામના રહેવાસી હાલ હળવદના સરા રોડ ઉપર પંચામૃત બંગલોઝ નવી બનતી સોસાયટીની સાઇટ ઉપર રહેતા અશ્વિનભાઈ નાથાભાઇ મકવાણા ઉવ.૩૨ એ હળવદ પોલીસ મથકમાં અજાણ્યા વાહન ચોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે છેલ્લા ત્રણ મહિનાથી હળવદના સરા રોડ ઉપર બની રહેલ સોસાયટીમાં અશ્વિનભાઈ કડીયા કામ કરે છે ત્યારે ગત તા. ૨૦/૦૭ના રોજ અશ્વિનભાઈએ પોતાનું હીરો કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ રજી.નં. જીજે-૧૩-બીએફ-૦૮૦૨ વાળું બાઇક નવી બની રહેલ સોસાયટીની સાઇટ બહાર જાહેરમાં પાર્ક કરી પોતાની કાર લઈને પોતાના વતન વઢવાણ ગામે ગયા હતા અને તે બાઇકની ચાવી સોસાયટીના રસોડામાં ગેસના બાટલા નીચે રાખી હતી ત્યારે અશ્વિનભાઈ એક દિવસ બાદ એટલે કે તા.૨૨/૦૭ના વહેલી સવારે ૫ વાગ્યે વઢવાણથી હળવદ સાઇટ ઉપર આવીને જોતા સાઇટ બહાર પાર્ક કરેલ બાઇક અને રસોડામાં સિલિન્ડર નીચે રાખેલ બાઇકની ચાવી પણ જોવા નહીં મળતા આજુબાજુમાં બાઇકની તપાસ કરતા બાઇક ક્યાંય મળી આવેલ ન હોય જેથી અશ્વિનભાઈ દ્વારા પોતાના ચોરી થયેલ બાઇકની પ્રથમ ઇ-એફઆઈઆર બાદ હળવદ પોલીસ મથકમાં રૂબરૂ એફઆઈઆર નોંધાવતા હાલ પોલીસે અશ્વિનભાઈની ફરિયાદને આધારે આરોપી અજાણ્યા વાહન ચોર ઈસમોને પકડી પાડવા તપાસની તજવીજ હાથ ધરી છે.

# મોરબીના નવલખી રોડ લાયન્સનગરમાં યુવકે ઝેરી દવા ગટગટાવી મોત મીઠું કર્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

પ્રાપ્ત માહિતી અનુસાર મોરબીના નવલખી રોડ ઉપર લાયન્સનગર કેળાના ગોડાઉન પાછળ ગ્રીન પેલેસ એપાર્ટમેન્ટ વાળી શેરીમાં રહેતા હર્ષદભાઇ વિનોદભાઇ મકવાણા ઉવ.૨૫ એ ગઈકાલ તા.૦૧/૦૮ના સાંજના ૬:૩૦ વાગ્યા પહેલા કોઇપણ વખતે પોતાના ઘરે પોતે પોતાની રીતે કોઇપણ કારણોસર ઝેરી દવા ગટગટાવી લેતા તેને સારવાર અર્થે મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવતા જ્યાં ફરજ પરના ડોક્ટરે તેને જોઈ તપાસી મૃત જાહેર કરવામાં આવ્યો હતો. બનાવ અંગે બી ડિવિઝન પોલીસ મથકે જાણ કરતા પોલીસ ટીમ સ્થળ ઉપર પહોંચી લાશનું ઇન્કવેસ્ટ પંચનામું કરી પીએમ અર્થે સોંપી હતી. હાલ પોલીસે અ.મોતની નોંધ કરી આપઘાત કરવા પાછળનું કારણ જાણવા સહિતની આગળની તપાસ શરૂ કરી છે.

# મોરબીના નજરબાગ પાણી પુરવઠાના સ્ટોર્સમાં રાખેલ ભંગાર ચોરી કરતા રોજમદાર ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી નજરબાગ પાણી પુરવઠાની હેડ વર્કસ સ્ટોરમાં રાખેલ લોખંડના પાઇપનો વધારાનો ૮૦ કિલો ભંગાર બોલેરો ગાડીમાં ચોરી કરતા સ્ટોરમાં પાર્ટ ટાઈમ રોજમદાર તરીકે નોકરી કરી રહેલા ઇસમને ચોકીદાર દ્વારા રંગેહાથ ઝડપી લેતા રોજમદાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મોરબીના સામાકાંઠે નજરબાગ ખાતે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની હેડ વર્કસ(સ્ટોર)માં રાખેલ લોખંડના પાઇપના નાના ટુકડાનો ભંગાર આ સ્ટોર્સમાં પાર્ટટાઇમ નોકરી કરતા રોજમદાર અશોકભાઇ રામજીભાઇ ભોરણીયા દ્વારા બોલેરો પીકઅપ રજી.નં. જીજે-૩૬-ટી-૦૭૯૩ વાળીમાં ભરીને જતા હોય ત્યારે પાણી પુરવઠા બોર્ડના સ્ટોર્સના ચોકીદારે તેમને રંગેહાથ પકડી લેવામાં આવી આગળ ઉપરી અધિકારીઓને જાણ કરી હતી. ત્યારે સમગ્ર ચોરીના બનાવ અંગે ગુજરાત પાણી પુરવઠા બોર્ડના કાર્યપાલક ઈજનેર ક્ષિતીજભાઇ દેવનારાયણભાઇ વર્મા ઉવ.૩૪ રહે-મોરબી કાયજી પ્લોટ સૃષ્ટિ એપાર્ટમેન્ટ દ્વારા મોરબી બી ડિવિઝન પોલીસ મથકમાં આરોપી અશોકભાઇ રામજીભાઇ ભોરણીયા રહે.નાની વાવડી તા.જી.મોરબી સામે ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ ચલાવી છે.

# મોરબીના લક્ષ્મીનગર ગામે આવેલ ઓફિસમાં ચાલતી જુગારની મીની કલબ ઉપર ક્રાઇમ બ્રાંચનો દરોડો

## ૬ જુગારીને રોકડા ૧.૨૧ લાખ સાથે દબોચી લેવાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ક્રાઇમ બ્રાંચ પોલીસ ટીમને મળેલ બાતમીને આધારે તાલુકાના લક્ષ્મીનગર ગામના પાટીયા પાસે લક્ષ્મી પ્લાઝા શોપિંગના બીજા માળે આવેલ ઓફિસમાં દરોડો પાડી જુગારની મીની ક્લબ ઝડપી પાડવામાં આવી હતી. આ સાથે ક્લબમાં જુગાર રમી રહેલા ૬ ઇસમોને રોકડા રૂ. ૧.૨૧ લાખ સાથે ઝડપી લઈ તમામ આરોપીઓ સામે તાલુકા પોલીસ મથકમાં ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ મોરબી એલસીબી પોલીસને ખાનગીરાહે બાતમી મળી કે મોરબી તાલુકાના લક્ષ્મીનગર ગામે રહેતા ગણેશભાઈ મોહનભાઇ ભંખોડીયાની લક્ષ્મીનગર ગામના બોર્ડ પાસે લક્ષ્મી પ્લાઝા શોપિંગમાં બીજા માળે ઓફીસ આવેલી છે જેમાં બહારથી માણસો બોલાવી પોતાના આર્થિક ફાયદા માટે તમામ પાસે નાલ ઉઘરાવી જુગારનો અખાડો ચલાવતો હોવાની મળેલ બાતમીને આધારે એલસીબી ટીમ દ્વારા ઉપરોક્ત લક્ષ્મી પ્લાઝાની બીજા માળે આવેલ ઓફીસ નં. ૨૬માં રેઇડ કરતા ગંજીપત્તા વડે તીનપત્તીનો જુગાર રમી રહેલા ગણેશભાઈ મોહનભાઇ ભંખોડીયા ઉવ.૩૬ રહે.લક્ષ્મીનગર રોટરીનગર, નાનજીભાઈ સાવજીભાઈ પંચોટીયા ઉવ.૫૧ રહે.લક્ષ્મીનગર, વિપુલભાઈ પુનાભાઈ પરમાર ઉવ.૩૯ રહે.લક્ષ્મીનગર, અનિલભાઈ આશોકભાઈ અઘારા ઉવ.૨૭ રહે.ધરમપુર ટીંબડી, મગનભાઈ ભૂરાભાઈ વિરસોડીયા ઉવ.૫૫ રહે.લક્ષ્મીનગર, ભરત સવજી સાદરીયા ઉવ.૨૭ રહે.પાટીદાર ટાઉનશીપ ટીંબડી ગામના પાટીયે મૂળરહે.વિરપરડા ગામવાળાને રોકડા રૂ.૧.૨૧ લાખ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. દરોડા દરમિયાન પકડાયેલ તમામ આરોપીઓની ધરપકડ કરી તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# રાજ્યમાં ૨૩૩ પીએસઆઈને પીઆઈનું પ્રમોશનઃ પોલીસ વિભાગમાં દિવાળી જેવો માહોલ

## રાજકોટના ૧૮ સહિત રાજ્યના બિન હથીયારી પીએસઆઈને પીઆઈ તરીકે બઢતી આપતુ ગૃહ વિભાગ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્ય પોલીસ વિભાગમાં ફરજ બજાવતા પોલીસ સબ ઇન્સ્પેક્ટર (બિન હથિયારી) વર્ગ-૩માંથી વર્ગ- ૨માં બઢતી આપવામાં આવી છે. જેમાં રાજકોટના ૧૮ સહિત રાજ્યના ૨૩૩ પીએસઆઇની બઢતી સાથે પીઆઇના પ્રમોશન આપવામાં આવ્યા હતા.




ગુજરાત રાજ્ય પોલીસ દળમાં મહત્વપૂર્ણ બઢતીઓની જાહેરાત કરવામાં આવી છે. પોલીસ સબ ઇન્સ્પેક્ટર (બિનહથિયારી) વર્ગ- ૩માંથી પોલીસ ઇન્સ્પેક્ટર (બિનહથિયારી) વર્ગ-૨માં બઢતી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જેમાં રાજકોટ સહિત રાજ્યના ૨૩૩ પીએસઆઈને નિમણૂક આપવામાં આવી છે જેમાં રાજકોટના પીએસઆઈ પરેશ હીરાલાલ નાઈ, મહિપાલસિંહ હરદેવસિંહ ઝાલા, પ્રવીણભાઈ લક્ષ્મણભાઈ ધામા, ફુલદીપસિંહ અજીતસિંહ ગોહિલ, અમરદીપસિંહ જયેન્દ્રસિંહ પરમાર, રાજદીપસિંહ ખુમાનસિંહ ગોહિલ, વલ્લભભાઈ પાલાભાઈ કનારા, ભુપેન્દ્રસિંહ વિશ્વરથસિંહ ઝાલા, સિંધ્ધરાજસિંહ જયદેવસિંહ રાણા, સંદીપકુમાર મણિલાલ રાદડિયા, દિલીપકુમાર ગંગાભાઈ બડવા, જયદીપસિંહ મહેન્દ્રસિંહ ઝાલા, રમેશભાઈ હીરાભાઈ જારીયા, અફરોજબાનુ અબ્દુલરઝાક ખોખર, ફરીદાબેન ભુરાભાઈ ગંગાનીયા, ધવલભાઈ ચંદુભાઈ સાકરીયા, હસમુખભાઈ ભાવશંકરભાઈ ધાંધલ્યા અને વિપુલકુમાર કેશવજીલાલ કોઠીયાને પીએસઆઇમાંથી પીઆઇની બઢતી આપવામાં આવી છે.

આ બઢતી હેઠળ, પસંદગી પામેલા અધિકારીઓને પગાર ધોરણ લેવલ ૭માંથી લેવલ ૮માં- મૂકવામાં આવશે. જોકે, આ બઢતી કેટલીક મહત્વપૂર્ણ શરતોને આધીન રહેશે.

# ગુજરાતમાં તા.૯થી કોંગ્રેસ ન્યાય યાત્રા કાઢશે

## સતત ૧૫ દિવસ સુધી યોજાનારી આ પદયાત્રાની શરૂઆત મોરબીથી શરૂ કરી ગાંધીનગર સુધીની રહેશેઃ પત્રકાર પરિષદમાં માહિતી આપતા કોંગી અગ્રણી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં સર્કિટ હાઉસ ખાતે પ્રદેશ કોંગ્રેસના આગેવાનો અને ધારાસભ્ય દ્વારા પત્રકાર પરિષદ સંબોધવામાં આવી હતી જેમાં મોરબી થી નીકળનારી ન્યાયયાત્રાની સંપૂર્ણ વિગતો રાષ્ટ્રીય કોંગ્રેસ સેવાદળના અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈ અને વડગામના ધારાસભ્ય જીગ્નેશભાઈ મેવાણી, કિસાન મોરચાના પ્રમુખ પાલભાઈ આંબલીયા દ્વારા વિગતો આપવામાં આવી હતી.


(તસ્વીરઃ આનંદ જાવિયા)

લાલજીભાઈ દેસાઈ જણાવ્યું હતું કે પત્રકાર મિત્રો દ્વારા ગુજરાતમાં જનતાને લડાઈ માટે અને ભાજપના અન્યાય સામે સાથ અને સહકાર હંમેશા આપ્યો છે. ગુજરાતમાં મોરબી થી તારીખ ૯ થી શરૂ થતી ન્યાય યાત્રા ત્રણ પ્રકારના યાત્રિકો હશે એક ન્યાય યાત્રીઓ કે જેઓ હર હંમેશ આરંભથી અંત સુધી યાત્રાની સાથે જોડાયેલા રહેશે જે સતત ૧૫ દિવસ સુધી પદયાત્રામાં ગાંધીનગર સુધી રહેશે બીજા જિલ્લા ના ન્યાયત્રીઓ જો પાંચ થી સાત કલાક પૂરતા અને જે તે જિલ્લામાં પદયાત્રીઓ આવશે ત્રીજા પ્રકારના સહયાત્રીઓ એ સહકાર યાત્રીઓ જ્યારે જોડાવું હોય ત્યારે જોડાઈ શકે જ્યારે નીકળવું હોય ત્યારે નીકળી શકે એ પ્રકારના યાત્રિકો રહેશે ૯ ઓગસ્ટે શરૂ થતી યાત્રાએ મોરબીના ઝુલતા પુલે થી શરૂ કરવામાં આવશે તે ક્રાંતિ દિન તરીકે ઓળખાશે ૧૫ મી ઓગસ્ટે મહાધ્વજવંદન સુરેન્દ્રનગર ખાતે કરવામાં આવશે ત્યારબાદ યાત્રા વિરમગામ સાણંદ થી અમદાવાદ સાબરમતી ગાંધી આશ્રમે અન્યાય અને અત્યાચાર સામે અવાજ ઉઠાવાશે.

મોરબી થી સવારે ૯:૦૦ વાગે શરૂ કરવામાં આવશે ટંકારા ગૌરીદડ સંભવત ૧૧ તારીખે રાજકોટમાં સાંજે પહોંચશે ટીઆરપી ગેમ ઝોન ખાતે સંવેદના સભા થશે સવારમાં રાજકોટના મહત્વના વિસ્તારમાં ફરશે ૧૩ તારીખે સુરેન્દ્રનગર પ્રયાણ કરશે યાત્રામાં ભાજપના પાપનો ઘડો રાખવામાં આવશે તેમાં પ્રજાને થયેલા અન્યાયના અત્યાચાર ની ફરિયાદો ખુદ પ્રજા આ ઘડામાં ઠલવશે ભાજપના પાપનો ઘડો હવે ભરાઈ ગયો છે આખા ગુજરાતને એ સંદેશો આપવા માંગીએ છીએ કે આગામી દિવસોમાં ગુજરાતમાં સતા પરિવર્તન ની એક લહેર ઊભી થઈ છે પદયાત્રામાં ૧૦૦ પદયાત્રીઓ કાયમી હશે. ગુજરાતમાં આ પ્રકારની સાત પદયાત્રાઓ કાઢવામાં આવશે જેમાં આદિવાસીઓ વિસ્તારો માછીમારીના વિસ્તારોમાં થતા અન્યાય આ અંગે આગામી દિવસોમાં કાર્યક્રમો પણ જાહેર કરવામાં આવશે યાત્રા પ્રદેશ પ્રમુખ વિપક્ષી નેતા ગુજરાતના પ્રભારી મુકુલ વાસ્તવિક સાથે રહી ગુજરાતમાં જવાબદારીઓ સોંપી છે તે પ્રમાણે યાત્રા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના માર્ગદર્શન હેઠળ ચાલશે યાત્રામાં ક્યાંય પણ ઢોલ નગારા સ્વાગત કરવામાં આવશે નહીં ફક્ત સૂતરની આટીથી સ્વાગત કરાશે રાષ્ટ્રીય નેતાઓ અને ખુદ રાહુલ ગાંધી પણ આ યાત્રામાં યાત્રાના સમય ગાળા દરમિયાન જોડાવાની પૂરી શક્યતા છે. મોરબીના પુલકાંડના પીડીતો ને પાલ ભાઈ આંબલીયાએ મળી ચૂક્યા છે અને હરણીકાંડમાં જીગ્નેશભાઈ તેઓ સાથે બેઠક કરી ચૂક્યા છે પીડિત પરિવારો પણ આ યાત્રામાં પોતાને ન્યાય મળે એટલા માટે જોડાવાના છે. ગુજરાતમાં ભાજપ આવા થતા અગ્નિકાંડ કે અન્ય કાંડોમાં ચોક્કસ વ્યક્તિને મોહરું બનાવી ભાજપ પોતાના મળતીયાઓને બચાવી લેવાનો પ્રયાસ કરે છે.

જીગ્નેશભાઈ મેવાણી - ગુજરાત પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ વડગામના ધારાસભ્ય જીગ્નેશભાઈ મેવાણીએ જણાવ્યું હતું કે ભ્રષ્ટાચારમાં ડૂબેલી સરકાર અને અપેક્ષા મુજબ કુલડીમાં ગોળ ભાંગ્યો છે એક પણ આઇપીએસ કે આઈએએસ કે જવાબદાર પદાધિકારીઓને ટીઆરપી ઝોન મુદ્દે પકડવામાં આવ્યા નથી ભાજપના નેતાઓને અને મગરમચ્છ અધિકારીઓ જે મોટા અધિકારીઓ છે તેને ક્લીન ચીટ આપી છે અગ્નિકાંડના મુદ્દે અને અન્ય મુદ્દાઓને લઈને ૯ ઓગસ્ટ થી શરૂ થતી આ ન્યાય યાત્રા વિધાનસભા સત્ર ચાલુ થશે તે સમયે ગાંધીનગરમાં પહોંચશે અને આ અંગે ગાંધીનગરમાં અવાજ ઉઠાવવામાં આવશે.

પત્રકાર પરિષદને સંબોધન કરતા પહેલા રાજકોટ શહેર અને જિલ્લા કોંગ્રેસમાંથી આવેલા કોંગ્રેસના આગેવાનોને યાત્રાના નિયમો અને યાત્રા દરમિયાન કોંગ્રેસના કાર્યકરો અને આગેવાનોને જવાબદારીઓ અને માર્ગદર્શન આપેલ હતું આતકે રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી અને જિલ્લા કોંગ્રેસના પ્રમુખ પૂર્વ ધારાસભ્ય લલીતભાઈ વસોયા એ પણ કાર્યકરોને ન્યાય યાત્રા અંગે પોતાની જવાબદારી અંગે વિસ્તૃત વિગતો આપી હતી શહેર અને જિલ્લામાંથી બોહોળી સંખ્યામાં કોંગ્રેસના આગેવાનો સર્કિટ હાઉસ ખાતે ઉપસ્થિત રહ્યા હતા.

પત્રકાર પરિષદમાં લાલજીભાઈ દેસાઈ, જીગ્નેશભાઈ મેવાણી, પાલભાઈ આંબલીયા, અતુલ રાજાણી, લલીતભાઈ વસોયા, વશરામભાઈ સાગઠીયા, પૂર્વ ધારાસભ્ય, જાવેદ પીરજાદા જેનીબેન ઠુમર, ગાયત્રીબા વાઘેલા, દીપ્તિબેન સોલંકી, ડી.પી મકવાણા, સહિતના આગેવાનો હાજરી આપી હતી.

# હેલ્થ પરમીટ અંગે વિજીલન્સની ટીમનું સિવિલમાં ચેકીંગ હાથ ધરાયું

## પૂર્વ સિવિલ સુપ્રિન્ટેન્ડેન્ટના કાર્યકાળમાં દારૂના રસિયાઓને હેલ્થ પરમિટ અભિપ્રાય આપવામાં ગોલમાલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં અનેક કૌભાંડો વચ્ચે દારૂની પરમીટ માટે આપવામાં આવતા અભિપ્રાયને લઈ નવો કાંડ સર્જાયો હોવાનું અને ઉચ્ચકક્ષાએ થયેલી ફરિયાદો બાદ હાલમાં વિજિલન્સ તપાસનો ધમધમાટ શરૂ થયો હોવાનું ટોચના સૂત્રો જણાવી રહ્યા છે, બીજી તરફ વિજિલન્સ ટીમે હેલ્થ પરમીટ માટે અભિપ્રાય આપવા અંગે નિયત કરવામાં આવેલ ધારાધોરણો મુજબ અરજદાર પાસે પ્રતિ યુનિટ પ્રતિ વર્ષ રૂપિયા ૫૦૦૦ લેખે વસુલવામાં આવતી ફીનો હિસાબ મળી રહ્યો ન હોવાથી નશાબંધી વિભાગ પાસેથી આંકડા મેળવી ક્રોસ તપાસમાં કાંડ થયો હોવાનું સામે આવ્યું છે.

આ અંગેની માહિતી મુજબ ટ સિવિલ હોસ્પિટલના પૂર્વ સિવિલ સુપ્રિન્ટેન્ડેન્ટના કાર્યકાળમાં હેલ્થ રૂ પરમીટ એટલે કે કે સરળ ભાષામાં કહીએ તો ો દારૂની પરમીટ મેળવવા માટે જરૂરી તબીબી અભિપ્રાય માટે સ્થાનિક કક્ષાએ પ્રતિ યુનિટ પ્રતિ વર્ષ ૫૦૦૦ રૂપિયા કી રોગી કલ્યાણ સમિતિમાં જમા કરાવવાની હોય છે પરંતુ પાછલા વર્ષોમાં સિવિલ હોસ્પિટલમાંથી આવા તબીબી અભિપ્રાયો આપવા સબબ વસુલવામાં આવેલ ફી અંગેના કોઈ હિસાબો મળતા ન હોય ઉચ્ચકક્ષાએથી તપાસના આદેશ છૂટતા હાલમાં વિજિલન્સ તપાસનો ધમધમાટ શરૂ થયો હોવાનું જાણવા મળે છે. ઉલ્લેખનીય છે કે, રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દારૂના પ્યાસીઓને આપવામાં આવતી હેલ્થ પરમીટના તબીબી અભિપ્રાય માટે પેનલ તબીબોની હેલ્થ ચકાસણી સહિતના આકાર નિયમો છે '' પરંતુ પ્રોપર ચેનલ મારફતે તબીબી અભિપ્રાય માટે સિવિલમાં ચોક્કસ અધિકારીને સાધવામાં આવે તો અભિમન્યુના સાત કોઠા વીંધવા જેવી કઠિન પ્રક્રિયા અત્યંત સરળ બની જાય છે અને તબીબી અભિપ્રાય માટે નિયત કરાયેલી ફી ચેક કે યુપીઆઈ મારફતે નહીં પરંતુ ડિમાન્ડ ડ્રાફ્ટ મારફતે ચુકવવામાં આવે તો આસાનીથી તબીબી અભિપ્રાય ભૂતકાળમાં મળી જતો હતો. બીજી તરફ હેલ્થ પરમીટ માટેના તબીબી અભિપ્રાયકાંડમાં વિજિલન્સ તાપસ વચ્ચે રોગી કલ્યાણ સમિતિ રજીસ્ટર્ડ થયેલી તમામ એન્ટ્રી ચેક કરવામાં આવી હતી.

# જસદણના યુવક પાછળ સાયબર ગઠીયા પડયાઃ ફોટા એડીટ કરી પૈસા પડાવ્યા

## ગેમ રમતી વેળાએ પરમીશન આપતા સાયબર ઠગે ડેટા મેળવી મિત્રો અને સગા સંબંધીઓને ફોટા મોકલવાની ધમકી આપી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણમાં રહેતા અને સિક્યુરિટી ગાર્ડમાં નોકરી કરતાં યુવાન પાસે પૈસા પડાવવા તેના ફોનમાં ડાઉનલોડ કરાયેલી એપમાંથી નંબર અને ગેલેરી વગેરે માહિતી મેળવી લોન લીધી ન હોવા છતાં લીધાનું કહી રૂ.૧૫૦૦ની માંગણી કરી તેના એડીટીંગ કરેલા અશ્લીલ ફોટા મિત્રો અને સંબંધીઓને મોકલી પરાણે પૈસા પડાવવાની કોશિષ કર્યાની જસદણ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. જસદણ પોલીસે આ અંગે યશ નામના યુવાનની ફરિયાદ પરથી ત્રણ ફોન નંબરના ધારક અને ગેઈમ એપના ધારક સામે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. આ બનાવ અંગે યશે પોલીસને જણાવ્યું છે કે, ગઈકાલે તે નોકરી પર હતો ત્યારે એક શખ્સે તેને કોલ કરી તમે કેન્ડી કસ એપમાંથી રૂ.૧૫૦૦ ની લોન લીધી છે તે રકમ અત્યારે ઓનલાઈન પેમેન્ટ કરી દે કહેતા તેને કોઈ લોન લીધી નથી તેવો જવાબ આપ્યો હતો. આથી કોલ કરનાર શખ્સ તારા મોબાઈલ કોન્ટેક્ટ મારી પાસે આવી ગયા છે હું તારા ફોટા એડીટીંગ કરીને અશ્લીલ ફોટા તારા કોન્ટેક્ટ નંબરમાં વોટ્સએપમાં મોકલીશ તેમ કહેતા તેને ફરી તેના એડિટીંગ કરેલા અશ્લીલ ફોટા તેના મિત્રો અને કાકા વગેરેને મોકલ્યા હતા. એટલું જ નહીં વોટ્સએપમાં અલગ-અલગ નંબરો પરથી કોલ કરીને પૈસાની માંગણી કરતાં પોલીસમાં અરજી કરી હતી. તેણે એક ગેઈમસની એપીકે એપ ડાઉનલોડ કરી હોય તેના ઉપર ભૂલથી કલીક થઈ જતા અને તેને પરમિશન આપી દેતા તેના કોન્ટેક્ટ સહિતની વિગતો ગઠીયા પાસે જતી રહી હતી. એટલું જ નહીં ગઠીયાઓએ પૈસા મોકલવા યુપીઆઈ આઈડી પણ આપ્યા હતા. આ બનાવમાં જસદણ પોલીસે અજાણ્યા આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# માંડા ડુંગર પાસે યુવરાજનગરમાં યુવાનનો આપઘાત

## અગાઉ ફોનમાં યુવતી સાથે વાત કરતો હોવાથી માતાએ લગ્ન કરી લેવાનું કીધું તું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના આજી ડેમ ચોકડી પાસે માંડાડુંગરમાં આવેલા યુવરાજનગર શેરી નં.૩માં રહેતા અજય ધનાભાઈ ગોવાણી (ઉ.૨૪) નામના યુવાને આજે વહેલી સવારે પોતાના ઘરે એંગલમાં દોરડુ બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. સવારે તેના માતા ઉઠાડવા માટે રૂમમાં જતાં પુત્રને લટકતો જોઈ હતપ્રભ બની ગયા હતાં. બનાવની જાણ થતાં આજીડેમ પોલીસ મથકના સ્ટાફે ઘટના સ્થળે દૌડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાથમિક તપાસમાં મૃતક અજય બે ભાઈ એક બહેનમાં મોટો અને રીક્ષા ચલાવતો હોવાનું જાણવા મળ્યું છે. મૃતક અજય અપરિણીત હોવાનું અને અગાઉ કોઈ યુવતી સાથે ફોનમાં વાત કરતો હોવાથી માતાએ લગ્ન કરી લેવાનું કહ્યું હતું. જો કે તેણે આપઘાત શા માટે કરી લીધો તે અંગે પરિવારજનો પણ અજાણ હોય પોલીસે આપઘાતનું કારણ જાણવા વિશેષ તપાસ હાથ ધરી છે.

# સુંદરમ પાર્કમાં પરિણીતાનો ગળાફાંસો ખાઈ આપઘાતઃ અરેરાટી

## રાજકોટમાં ગૃહકલેશથી પરિવારનો માળો પિંખાયોઃ તમે તમારા પરિવાર સાથે સંબંધ ન રાખો, પત્નીએ કહેતા બંન્ને વચ્ચે માથાકુટ થઈ'તી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજીડેમ ચોકડી પાસે પતિ સાથે ઝઘડો થતા પત્નીએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ અંગે આજીડેમ પોલીસે કાર્યવાહી શરૂ કરી છે. બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર, આજીડેમ પાસે સુંદરમ પાર્કમાં રહેતા મુળ બિહારના વતની પુનમબેન પોવરભાઈ સહાની (ઉ.વ.૨૬)એ પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. તેમના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સિવિલ હોસ્પિટલે ખસેડડયો હતો. આ બનાવ અંગે જાણવા મળ્યું હતુંકે, પુનમબેનને સંતાનમાં બે દીકરી છે. પતિ લાદી- ફીંટીંગ અને કડીયા કામ કરે છે. પુનામે તેમના પતિને તમારા પરિવાર સાથે સંબંધ ન રાખો. ત્યારબાદ રાત્રે તેમના પતિના ભાઈ- ભાભીનો ફોન આવ્યો હતો અને પતિએ ફોનમાં વાત પણ કરી હતી. આ બાબતે દંપતી વચ્ચે ઝઘડો કર્યો હતો. ત્યારબાદ બીજા દીવસે પતિ બેંકમાં પૈસા જમા કરવા ગયા બાદ ઘરે આવીને જોયુ તો પત્ની લટકતી હાલતમાં જોવા મળી હતી. પરિણીતાના મોતથી પરિવારમાં શોક છવાયો હતો.

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા વિજળીને લગતા વિવિધ પ્રશ્નો અંગે ઓપન હાઉસ યોજાયું

## વિવિધ એસોસિએશનના પ્રતિનિધિઓએ પીજીવીસીએલના એમડી પ્રિતી શર્મા સમક્ષ વિજળીને લગતી વિવિધ રજૂઆત્ કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા પીજીવીસીએલ એમડી પ્રિતી શર્મા, ચીફ એન્જીનીયર (ટેક) શ્રી આર. સી. પટેલ, ચીફ એન્જીનીયર (પ્રોજેક્ટ) આર. જે વાળા, તથા સિનિયર વિવિધ સબ ડિવીઝનના અધિકારીશ્રીઓ સાથે વિજળીને લગતા વિવિધ પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવા તા. ૩૧-૭-૨૦૨૪ના રોજ પીજીવીસીએલ, કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, રાજકોટ ખાતે ઓપન હાઉસ યોજવામાં આવેલું હતું. આ ઓપન હાઉસમાં બહોળી સંખ્યામાં વિવિધ એસોસિએશનના હોદ્દેદારો તથા અરજદારો હાજર રહ્યા હતા.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વિજળીને લગતા પ્રશ્નો મુદ્દે આયોજિત ઓપન હાઉસમાં પીજીવીસીએલના એમડી શ્રીમતી પ્રિતી શર્માએ રાજકોટ ચેમ્બર દ્વારા કરાયેલ રજૂઆતોના પ્રત્યુતરમાં જણાવેલ કે, ખાસ કરીને રૂરલ એરીયામાં જયાં જયાં ટ્રીપીંગની સમસ્યા આવે છે તે માટે અન્ડર ગ્રાઉન્ડ કેબલ તેમજ એમબીસીસી ઈન્ટરનેશનલ પ્રોજેક્ટ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. તેમજ નેટવર્કને સ્ટ્રોગ કરવા માટે આશરે ૮૦ જેટલા ફીડરો માટે ટેન્ડરીંગનું કામ ચાલી રહયું છે. જેથી કરીને મોટા ભાગના વિજળીના પ્રશ્નોનું નિરાકરણ આવી જશે. તેમજ એગ્રીકલ્ચરને પુરતો પાવર મળી રહે તે માટે આશરે ૮૮ કરોડનો પ્રોજેક્ટ એપ્રુવ કરાયેલ છે. તેમજ મેઈન્ટેનન્સ માટે પણ તાત્કાલીક ટીમ ફાળવવામાં આવશે. આમ એમડીએ આ ઓપન હાઉસને ખુબ જ ગંભીરતાથી લઈ ત્વરીત પગલા લેવાનું આશ્વાસન આપેલ હતું.

ત્યારબાદ વિવિધ એસોસિએશનના પ્રતિનિધિઓ તથા આમ જનતાઓ દ્વારા પોત પોતાના વ્યક્તિગત પ્રશ્નો જેવા કે નવા મિટર કનેકશન, લોડ વધારો, સ્માર્ટ મિટરથી ફેઈઝ કનેકશન, નામ ટ્રાન્સફર, વિગરે અંગેની રજૂઆતો કરવામાં આવેલ હતી. આમ આ ઓપન હાઉસમાં એમડી શ્રીમતી પ્રિતી શર્માએ તમામના પ્રશ્નોને શાંતિપૂર્વક સાંભળી અને હકારાત્મક અભિગમ દાખવેલ હતો તેમજ રાજકોટ ચેમ્બરએ મધ્યસ્થી રહી આ ઓપન હાઉસમાં મોટાભાગના પ્રશ્નોનું પીજીવીસીએલના એમડીશ્રી તથા અધિકારીશ્રીઓએ સ્થળ પર જ નિરાકરણ લાવવામાં આવેલ હતું અને રાજકોટ ચેમ્બરની આ કામગીરીને વધાવેલ હતી.

આ કાર્યક્રમના દિવસે જ રાજકોટ ચેમ્બર દ્વારા ચીફ એન્જીનીયર (ટેક) શ્રી આર. સી. પટેલએ જે બહોળા અનુભવનો યોગદાન આપેલ હતું તેમજ ખુબ જ ખંતથી કામ કરેલ છે તે બદલ વિદાય સમારંભ યોજી શિવલાલભાઈ બારસીયા તથા અશોકભાઈ વિરડીયા દ્વારા શાલ બુકે આપી સન્માનીત કરેલ હતા. કાર્યક્રમના અંતે જીઆઈડીસી લોધીકા ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનના પ્રમુખ નરેન્દ્રસિંહ જાડેજાએ ઓપન હાઉસનું આયોજન કરવા બદલ મેનેજીંગ ડિરેક્ટરશ્રી, અધિકારીશ્રીઓ તેમજ ઉપસ્થિત વિવિધ એસોસીએશનોના પ્રતિનિધિઓ અને આમ જનતા પ્રત્યે આભારની લાગણી વ્યકત કરેલ હતી.

### વિશ્વ સ્તનપાન સપ્તાહ – ૧ થી ૭ ઓગસ્ટ

# જન્મ બાદ માતાનું ધાવણ બાળક માટે અમૃત સમાનઃ મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયા







**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારત સહિત વિશ્વભરમાં તા. ૧ થી ૭ ઓગસ્ટ દરમિયાન વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે વિશ્વ સ્તનપાન સપ્તાહનો રાજ્યવાપી પ્રારંભ કરાવ્યો હતો. આજે રાજ્યભરની હોસ્પિટલોમાં પદાધિકારીઓ તથા અધિકારીઓની વિશેષ ઉપસ્થિતિમાં વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણીનો પણ પ્રારંભ થયો છે.

મંત્રી ભાનુબેને માતાઓને સ્તનપાનનું મહત્વ સમજાવતાં જણાવ્યું હતું કે, જન્મ બાદનું પ્રથમ દૂધ-માતાનું ધાવણ બાળક માટે અમૃત સમાન છે. જેથી આપણે ગળથુથી જેવા પારંપરિક રિવાજો બંધ કરી જન્મના પ્રથમ કલાકમાં માત્ર માતાનું દૂધ જ આપવું જોઈએ. વિશ્વભરમાં સ્તનપાનને પ્રોત્સાહન આપવા માટે અને બાળકોના સ્વાસ્થ્યને વધુને વધુ સુદ્રઢ બને તે માટે જાગૃતિ લાવવા વર્ષ ૧૯૯૨થી વિશ્વ સ્તનપાન સપ્તાહની શરૂઆત કરવામાં આવી હતી. બાળકના જન્મ પછી તરતજ માતાનું ઘટ્ટ પીળુ દૂધ નવજાત શિશુને આપવું જોઈએ. આ દૂધ બાળકના સ્વાસ્થ્ય અને વિકાસ માટે ખૂબ મહત્વનું છે. બાળકોને જન્મથી પ્રથમ છ મહિના સુધી માત્ર માતાના દૂધ પર જ રાખવું જોઈએ તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે મંત્રીએ સિવિલ હોસ્પિટલ ખાતે આવેલા ગાયનેક વોર્ડની મુલાકાત કરી શિશુઓની માતા સાથે સ્તનપાનના ફાયદા વિશે સંવાદ કરી કિટ વિતરણ કર્યું હતું. કાર્યક્રમ બાદ હોસ્પિટલ કેમ્પસમાં મંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ વૃક્ષારોપણ પણ કર્યું હતું.

મહિલા અને બાળ વિકાસ વિભાગ તેમજ આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર મીરાબેન પટેલ, ધારાસભ્ય રીટાબેન પટેલ ICDS કમિશનર રણજીતકુમાર સિંહ, ડેપ્યુટી મ્યુનિસિપલ કમીશનર શ્રી જે. એમ. ભોરણીયા, ICDS તથા આરોગ્ય વિભાગના અધિકારીઓ તથા કર્મચારીશ્રીઓ હાજર રહ્યાં હતા.

### નારી વંદન ઉત્સવ : મહિલા સુરક્ષા દિવસ

# રાજકોટમાં સૂત્રોચ્ચાર સાથે રેલીના માધ્યમથી નારી સશક્તિકરણને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ








**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત રાજ્યમાં નારી ઉત્કર્ષની અનોખી પહેલરૂપે મહિલા અને બાળ વિકાસ વિભાગ આયોજિત નારી વંદન ઉત્સવની ઉજવણી થઈ રહી છે. ત્યારે રાજકોટ જિલ્લામાં નારી વંદન સપ્તાહના પ્રથમ દિવસે મહિલા સુરક્ષાની થીમને ધ્યાનમાં રાખીને મહિલાઓને તેમની સલામતી અર્થે જાગૃત કરવામાં આવ્યા હતા.

જેના ભાગરૂપે રાજકોટ જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારીની કચેરી દ્વારા પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી આઇ. એન. સાવલિયાના માર્ગદર્શન હેઠળ મહિલા પોલીસ સ્ટેશન ખાતેથી રેસકોર્ષ મેદાન ફરતે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પબેટી બચાવો, બેટી પઢાઓથ જેવા સૂત્રોચ્ચાર સાથે નારી સશક્તિકરણને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ રેલીમાં શી ટીમ, ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન, બી ડિવિઝન પોલીસ સ્ટેશન, પોલીસ સ્ટેશન બેઇઝ સપોર્ટ સેન્ટર (ડ.ઇ.જ.ઈ.), સખી વન સ્ટોપ સેન્ટર, નારી સંરક્ષણ ગૃહનો સ્ટાફ જોડાયો હતો. આમ, મહિલા કર્મચારીઓ દ્વારા નારી વંદન સપ્તાહના પ્રથમ દિવસની હરખભેર ઉજવણી કરવામાં આવી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# લોઠડા ગામે અરજીની તપાસમાં ગયેલી આજીડેમ પોલીસ પર હુમલો

## પોલીસ ઉપર પથ્થરમારો; એક જવાનને ઈજાઃ 'હવે ગામમાં તપાસ માટે આવ્યા તો જીવતા જવા દઈશું નહીં કહી પરિવારે આપી ધમકી; બેની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે કોઠારીયા રોડ પર આવેલા લોઠડા ગામે આજી ડેમ પોલીસ મથકનો સ્ટાફ અરજીના કામે તપાસમાં ગયો હતો ત્યારે જેના = વિરૂધ્ધ અરજી હતી તે પરિવારે પોલીસ ઉપર પથ્થરમારો કરી હુમલો કરતાં એક કોન્સ્ટેબલને ઈજા થઈ હતી. - જ્યારે આરોપીઓએ હવે ગામમાં તપાસ માટે આવ્યા તો જીવતા જવા - દઈશુ નહીં: કહી પરિવારે ખૂનની ધમકી આપી હતી. આ મામલે પોલીસે બે - મહિલા સહિત ચાર શખ્સો સામે = હુમલો, ફરજમાં રૂકાવટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી પિતા-પુત્રની ધરપકડ કરી નાસી છુટેલી બન્ને મહિલાઓને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે. જાણવા મળતી વિગત મુજબ, આજી ડેમ પોલીસ મથકમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતાં જગદીશસિંહ રવુભા પરમારે નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે લોઠડા ગામે રહેતા મુન્ના બાબુભાઈ મકવાણા, જયેશ મુન્નાભાઈ મકવાણા, શાંતાબેન બાબુભાઈ મકવાણા અને ભાનુબેન મકવાણાના નામ આપ્યા છે.



ફરિયાદમાં જણાવ્યા મુજબ, લોઠડા ગામે વડાલીયા કંપનીની બાજુમાં નાસ્તાની રેંકડી ધરાવતાં ફીરોજભાઈ સલીમભાઈ સોલંકીએ બાબુભાઈ મકવાણા અને તેના પરિવાર વિરૂધ્ધ કેબીન રાખવા બાબતે ઝઘડો કરતાં હોવાની અરજી આપી હતી. જેથી પોલીસે સામાવાળા બાબુભાઈને ફોન કરી પોલીસ સ્ટેશને નિવેદન નોંધાવવા માટે આવવાનું જણાવતાં તેમણે પોલીસ સ્ટેશને આવવાની ના પાડી દીધી હતી. જેથી ફરિયાદી જગદીશસિંહ સહિતનો સ્ટાફ અરજીના કામે તપાસ માટે લોઠડા ગામે ગયો હતો. ત્યારે ત્યાં આરોપી મુન્ના બાબુભાઈ મકવાણા હાજર હોય જેણે બાબુભાઈ મકવાણા વિશે પુછતાં તેણે ફોન કરી અન્ય આરોપીઓને બોલાવી લીધા હતાં. તમામ આરોપીઓ પોલીસને તમે અમને ખોટી રીતે હેરાન કરો છો, તમે ફીરોજભાઈ સાથે મળેલા છો તેમ કહી ઝઘડો કરવા લાગેલા અને ઉશ્કેરાઈ જઈ પોલીસ ટીમ ઉપર પથ્થરમારો કર્યો હતો તથા લોખંડના પાઈપ વડે માર મારતાં સાથેના કોન્સ્ટેબલ મહાવીરસિંહને વાસાના ભાગે ઈજા પહોંચી હતી.

આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ હવે ગામમાં તપાસ માટે આવ્યા તો જીવતા જવા દઈશુ નહીં કહી ખૂનની ધમકી આપી હતી. જેથી પોલીસે પોલીસ સ્ટેશને ફોન કરી અન્ય કર્મચારીઓને બોલાવી લીધા હતાં અને આરોપી મુન્ના બાબુભાઈ મકવાણા અને તેના પુત્ર જયેશને ઝડપી લીધા હતાં. જ્યારે માણસોના ટોળા ભેગા થઈ જતાં મહિલા આરોપી શાંતાબેન અને ભાનુબેન ભીડનો લાભ ઉઠાવી ત્યાંથી નાસી છુટયા હતાં.

ઈજાગ્રસ્ત પોલીસ કર્મચારીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડી પોલીસે ચારેય આરોપી વિરૂધ્ધ્ધધ્ધ હુમલો, ફરજમાં રૂકાવટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી પિતા-પુત્રની ધરપકડ કરી હતી અને નાસી છુટેલા બન્ને મહિલા આરોપીને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

# બાંધકામ ગેરકાયદે તોડવાની સત્તા ટીપી શાખાની હોવાથી આરએમસી કમિશનરનો કોઈ રોલ ન હોવા રિપોર્ટમાં ઉલ્લેખ

## રાજકોટના ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડમાં આઈએએસ-આઈપીએસ અધિકારીઓને કલીનચીટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ૨૭ લોકોનો ભોગ લેનારા ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં બે પૂર્વ મ્યુનિસીપલ કમિશ્નરોને તપાસ સમિતિએ ક્લીનચીટ આપી છે અને તેનો રીપોર્ટ હાઈકોર્ટમાં રજુ કરી દીધો છે. અગ્નિકાંડવાળા ગેમઝોનમાં બર્થ-ડે પાર્ટી કરનારા અધિકારીઓની પણ કોઈ જવાબદારી બનતી ન હોવાનું સ્પષ્ટ કર્યુ છે. ગેરકાયદે બાંધકામો તોડવાની સત્તા ટાઉન પ્લાનીંગ (ટીપી) શાખાને સોંપાયેલી હોવાથી કમીશ્નરોનો રોલ રહેતો ન હોવાનું હાઇકોર્ટ દ્વારા મનિયા ચંદ્રા, પી. સ્વરૂપ અને રાજકુમાર બેનીવાલ સહિત ત્રણ અધિકારીઓની સત્યશોધક કમિટિની રચના કરી હતી અને તપાસ કરીને રીપોર્ટ આપવાની સુચના આપવામાં આવી હતી.

કમીટીએ રાજકોટમાં રૂબરૂ મુલાકાત લીધી હતી. દસ્તાવેજો- કાયદા નિયમોની



ચકાસણી કરવા ઉપરાંત ૪૦ થી ૫૦ લોકોના નિવેદનો પણ લીધા હતા અને તેના આધારે વિસ્તૃત રીપોર્ટ તૈયાર કરીને હાઇકોર્ટને સુપરત કરાયો છે.

માહિતગાર સૂત્રોએ એમ કહ્યું છે કે ગેરકાયદે બાંધકામો તોડવાની સત્તા ટાઉન પ્લાનીંગ શાખાને જ સોંપી દેવામાં આવી હતી. સાત વર્ષ પૂર્વે કોર્પોરેશનની સામાન્ય સભામાં આ સંબંધી ઠરાવ કરવામાં આવ્યો હતો. ટાઉન પ્લાનીંગ શાખાને જ સંપૂર્ણ કહેવાયું છે. રાજકોટ અગ્નિકાંડમાં કમીશ્નર સહિતના ઉચ્ચ અધિકારીઓ સામે કોઇ પગલા લેવાતા ન હોવાને પગલે કોઇ રોલ રહેતો ન હોવાનું સ્પષ્ટ તારણ દર્શાવાયું છે. ટીઆરપી ગેમઝોનમાં સનદી અધિકારીઓએ બર્થડે પાર્ટી કર્યાના મામલે પણ રીપોર્ટમાં એવું તારણ દર્શાવાયું છે કે ગેમઝોનના ગેરકાયદે બાંધકામ પ્રકરણમાં તેઓની કોઈ જવાબદારી બનતી નથી. સત્યશોધક તપાસ સમિતિના રીપોર્ટને પગલે હવે સુનાવણી દરમ્યાન હાઇકોર્ટના વલણ પર નજર રહેવાનું માનવામાં આવી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ટીઆરપી ગેમઝોનને મંજરી આપવામાં આવી ત્યારે મ્યુનિસિપલ કમિશ્નરપદે અમિત આરોરા હતા ત્યારે અગ્નિકાંડની ઘટના વખતે કમીરનરપદે આનંદ પટેલ હતા.

જ્યારે કોઇ હાઇકોર્ટે સત્યશોધક કમીટીની રચના કરીને રીપોર્ટ માંગ્યો હતો. ૨૦૧૨ની બેચના ગુજરાત કેડરના અમિત અરોરા હાલ કચ્છમાં કલેક્ટર તરીકે ફરજ બજાવી રહ્યા છે. જ્યારે આનંદ પટેલની બદલી કરાયા બાદ રાજ્ય સરકાર દ્વારા તેમને કોઈ પોસ્ટીંગ આપવામાં આવ્યું નથી.વડોદરામાં હરણીકાંડમાં બે મ્યુનીશીપલ કમિશ્નરોને જવાબદાર માનવામાં આવ્યા હતા. હાઇકોર્ટે આકરૂ વલણ અપનાવ્યું હતુ ત્યારે રાજકોટના કમીશ્નરો વિશે કમીટીના રીપોર્ટ બાદ હવે વડી અદાલતનું વલણ કેવું રહે છે તે સુનાવણી વખતે સ્પષ્ટ થશે.

# સાયબર ક્રાઈમનો અભ્યાસ હવે સૌરાષ્ટ્ર યુનિ.માં કરાશેઃ પોલીસ સાથે એમઓયુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં હવેથી વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમનો અભ્યાસ આપવામાં આવવાનો છે.જે અંતર્ગત રાજકોટ પોલીસે યુનિવર્સિટી સાથે એમઓયુ કર્યું છે. માહિતી મુજબ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતેની નોન કાઉન્સિલ હેઠળની વિવિધ વિદ્યા શાખાઓના અભ્યાસ ક્રમોમાં વેલ્યુ એડેડ કોર્સ દાખલ કરવા હેતુસર સાયબર એજ્યુકેશન વિષય હેઠળ પાર્ટ વન અને પાર્ટ ટુ એવા બે અભ્યાસક્રમો માટે ગઇકાલે યુનિવર્સિટો મુકામે કુલપતિ પ્રોફેસર ડોક્ટર કેમલસિહ ડોડીયા, રાજકોટ શહેર પોલીસના કમિશનર બ્રિજેશ કુમાર ઝા, ડીસીપી



ડો.પાર્થરાજસિહ ગોહિલ, કુલસચિવ ડો. આર. જી,પરમાર, આઈ કયું એસીના કોર્ડીનેટર સંજયભાઈ મુખરજી વિવિધ ભવનનોના અધ્યક્ષો એનીપી ટીમના સભ્યો એસીના સભ્યો તથા વિદ્યાર્થીઓના ઉપસ્થિતિમાં એમઓયુ સહી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પોલીસ કમિશનરે સાઈબર ક્રાઈમ વિષય પર ઊંડાણપૂર્વકનું માર્ગદર્શન પૂરું પાડયું હતું. અને તેની જરૂરિયાતો શૈક્ષણિક જગતમાં કઈ રીતે ઉપયોગમાં લઈ શકાય તે બાબતનું માર્ગદર્શન પ્રોફેસર ડો. કમલસિહ ડોડીયાએ આપ્યું હતું.

# રાજકોટના ગ્રામ્ય વિસ્તારોમાં કોપર વાયરની ચોરી કરનાર બેલડી ઝડપાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્રમાં ધોરાજી, જેતલસર, ઉપલેટામાં આવેલ બી.એસ.એન.એલ ટાવરમાંથી કોપર વાયરની ચોરી કરતી બેલડીને લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે મેરવર ગામની સીમમાંથી દબોચી લઈ આઠ ગુનાનો ભેદ ઉકેલ્યો હતો. અને એક લાખનો મુદામાલ કબેજ કર્યો છે.



વિગતો મુજબ ધોરાજી, જેતલસર, ઉપલેટામાં છેલ્લા દોઢ માસમાં બી.એસ.એન.એલ ટાવરમાંથી કોપર વાયરની ચોરી થવાના બનાવો વધવા લાગ્યા હતા. જેથી તસ્કરોને પકડવા રૂરલ એલસીબી પીઆઈ વિજય ઓડેદરાની રાહબરીમાં પીએસઆઈ ડી.જી.ભડવા ટીમે કવાયત હાથ ધરી દરમ્યાન બાતમી આધારે

લોકલ ક્રાઇમ બ્રાન્ચની ટીમે મેરવર ગામની સીમમાંથી દબોચી એક લાખનો મુદામાલ કબજે કર્યો: આઠ ગુનાનો ભેદ ઉકેલાયો મેરવર ગામની સીમમાંથી કેશોદના રાજ ઉર્ફે રોકી જગદીશ મેષનાથી અને મોહિતકુમાર ઉર્ફે લાલો રતી દેત્રોજાને પકડી પાડી તેમની પાસેથી કોપરના વાયર, બાઈક અને મોબાઈલ મળી એક લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.અને તેની પૂછતાછ કરતાં પોતે આઠ સ્થળે ચોરીને અંજામ આપ્યાની કબૂલાત આપી હતી.

# સિવિલ હોસ્પિટલમાં દેશી દારૂના જથ્થા સાથે બુટલેગર ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સિવિલ હોસ્પિટલમાં ઈમરજન્સી વોર્ડ પાસેથી સિક્યુરિટીના સ્ટા દેશી દારૂ સાથે એક શખ્સને ઝડપી લઈ પ્ર.નગર પોલીસને સોંપવામાં આવ્યો હતો. આમ છતાં પોલીસ દ્વારા આ બનાવને છુપાવવા માટેનો પ્રયાસ થતો હોય તેમ વિગતો આપવાનો નનૈયો ભણી દીધો હતો. જાણવા મળતી વિગત મુજબ, સિવિલ હોસ્પિટલમાં સિક્યોરિટી તરીક ફરજ બજાવતાં એકસ આર્મીમન એન.પી.રાવલ, કૃષ્ણસિંહ જાડેજા, સહિતનો સ્ટાફ સિવિલ હોસ્પિટલમાં ચેકીંગ કામગીરીમાં હતો દરમિયાન સિવિલ હોસ્પિટલનાં ઈમરજન્સી બિલ્ડીંગ સામે એક શખ્સ ઓટો રિક્ષામાંથી શંકાસ્પદ રીતે કોઈ વસ્તુ ઉતારતો હોવાનું નજરે ચડતાં સિક્યોરિટીના સ્ટાફે દોડી જઈ તપાસ કરતાં તે શખ્સ રીક્ષામાંથી દેશી દારૂ ભરેલી કોથળી ઉતારતો હોવાનું જાણવા મળ્યું હતું. જેથી સિક્યોરિટીના





સ્ટાફે તે શખ્સને ઝડપી લઈ પુછપરછ કરતાં આ શખ્સ યુપીનો હોવાનું જાણવા મળ્યું હતું. અને તેની પાસેથી દેશી દારૂના કોથળો મળી આવતાં તે કબજે કરી તે શખ્સને ત્યાં બેસાડી દીધો હતો અને સિક્યોરિટીના સ્ટાફ દ્વારા પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરવામાં આવતાં પ્ર.નગર પોલીસે હોસ્પિટલે દોડી જઈ સ્ટાફ દ્વારા ઝડપાયેલા શખ્સને ૫ મથકને સોંપી દેવામાં આવ્યો હતો.

સિવિલ હોસ્પિટલમાંથી દેશી દારૂ સાથે ઝડપાયેલા શખ્સનો સોશ્યલ મીડિયામાં વિડિયો વાયરલ થયો હતો. આ અંગે પ્ર.નગર પોલીસ મથકનો સંપર્ક કરવામાં આવતાં તેમણે જાણે આ બનાવ અંગે વિગતો છુપાવવા પ્રયાસ કરી રહ્યાં હોય તેમ કોઈ વિગત આપી ન હતી. ત્યારે દેશી દારૂ સાથે ઝડપાયેલા શખ્સને બચાવવા પાછળ પોલીસનો ઈરાદો શું ? તેવા સવાલો ઉઠી રહ્યાં છે.

# કોર્ટના રેકર્ડમાં છેડછાડ કર્યાના ગુનામાં આરોપીના જામીન મંજુર

## મહિલાએ કરેલી આરટીઆઈને પ્રમાણપત્રમાં છેડછાડ કર્યાની માતા-પુત્ર સામે ફરિયાદ નોંધાઈ'તી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોર્ટના રેકર્ડમાં છેડછાડ કર્યાના ગુનામાં સંડોવાયેલા માતા-પુત્રની ધરપકડ બાદ આરોપી પુત્રએ કરવાળી જામીન અરજી અદાલતે મંજૂર કરતો હુકમ કર્યો છે.

આ કેસની વિગત મુજબ આરોપી આશિષની માતા લાભુબેને આરટીઆઇ એકટ હેઠળ કોર્ટનું સીસીટીવી રેકોર્ડિંગ, અને નાઝર શાખાના કર્મચારીઓના નામ માંગ્યા હતા. જાહેર માહિતી અધિકારી દ્વારા આ માહિતી પૂરી પાડવા ડિસ્ટ્રીકટ કોર્ટ ખાતે પત્ર લખાયો હતો. જેના જવાબમાં કોર્ટ ખાતેથી જવાબ મોકલાયો હતો. જે જાહેર માહિતી અધિકારીએ મહિલાને મોકલી આપ્યો હતો. આ માહિતીપત્ર મહિલાએ માહિતી અપીલ અધિકારી સમક્ષ રજુ કરી આપેલી માહિતિ અંગે અસંતોષ પ્રગટ કર્યો હતો. જે પછી અપીલ અધિકારીને અપાયેલા દસ્તાવેજોમાં આ મહિલાએ આરટીઆઈ અરજીના જવાબમાં મળેલો માહિતી પત્ર પણ જોડયો હતો જેમાં અન્ય વિગત સાથે લખ્યું હતું કે, નાઝર શાખાના ૧૦ કર્મચારીએ અરજદાર મહિલાનો હાથ પકડી છેડતી કરી હતી. પ્રથમ ભૂલ હતી એટલે માફ કરી દીધા છે' જોકે કોર્ટ તરફથી અપાયેલા જવાબમાં આવું કસું લખ્યું ન હોય. બનાવટી દસ્તાવેજ ઉભો કરાયાની શંકા જતા તપાસ કરાઈ હતી અને અંતે આ સરધારની મહિલા સામે ગુનો દાખલ કરાયો હતો જેમાં તપાસમાં તેના પુત્ર આશિષનું નામ ખુલતા તેની પણ ધરપકડ કરી જેલ હવાલે કરાયો હતો. ચાર્જશીટ બાદ જેલમાંથી છૂટવા આશિષ પરમારે જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલી જતા આરોપીના બચાવ પક્ષે રોકાયેલા લીગલ એઇડના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઇ આરોપી આશિષ પરમારની જામીન અરજી મંજુર કરતો હુકમ કર્યો છે.આ કેસમાં આરોપીના બચાવ પક્ષે લીગલ એઇડના ડિફેન્સ કાઉન્સેલ વકીલ અજય આર. તોલાણી રોકાયા હતા.

# મવડી ચોકડી પાસે જાહેરમાં દારૂ ઢીચતો શખ્સનો વિડિયો વાયરલ

## રોજિંદા ત્રાસથી વેપારીઓ પણ પરેશાનઃ વિડિયો ફરતો થયા બાદ પોલીસમાં દોડધામ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં કહેવાતી દારૂબંધીના લીરા ઉડાડતો વીડિયો સોશિયલ મીડિયામાં જોરશોરથી વાયરલ થઈ રહ્યો છે. મવડી ચોકડી પાસે પાનની દુકાને એક દારૂડિયાએ જાહેરમાં દારૂ પીને જાણે પોલીસને પડકાર ફેંક્યો છે રોક શકો તો રોક લો.. આ વીડિયો વાયરલ થયા બાદ હવે પોલીસે આ શખ્સની શોધખોળ શરૂ કરી છે. મવડી જેવા ટ્રાફિકથી ધમધમતા વિસ્તારમાં અને પાનની દુકાને જાહેરમાં દારૂની બોટલમાંથી પેગ' બનાવી દારૂના ઘુટ ભરતો આ શખ્શ કોણ છે તે જાણવા પોલીસ તપાસ કરી રહી છે. ત્યારે આ બાબતે સ્થાનિકોએ આ દારૂડિયાનો છેલ્લા ઘણા વખતથી ત્રાસ હોવા છતાં પોલીસ કોઈ કાર્યવાહી નહીં કરતી હોવાનો આક્ષેપ કર્યો છે.

એક વીડિયો સોશિયલ મિડિયામાં વાયરલ થતાં



પોલીસ વિભાગમાં પણ દોડધામ મચી ગઈ છે. મવડી ચોકડીએ આવેલ જય ખોડિયાર પાન નામની દુકાને એક શખ્સ દારૂની બોટલ લઈને આવે છે અને જાહેરમાં જ પાનની દુકાને પોતાના નેફામાંથી દારૂની બોટલ કાઢી પ્લાસ્ટિકના ગ્લાસમાં દારૂ ભરી અને દારૂ ગટગટાવી રહ્યો છે. જાહેરમાં વિદેશી દારૂ પી રહેલા આ શખ્સનો વીડિયો વાયરલ થતાં પોલીસ દ્વારા હવે આ મામલે તપાસ શરૂ કરવામાં આવી છે. એક તરફ દારૂ બંધીનીવાતો વચ્ચે આ વીડિયો વાયરલ થયા બાદ જ્યાં આ વીડિયો શુટ થયો તે વિસ્તારમાં તપાસ કરવામાં આવતાઆ દારૂડિયા શખ્સનો છેલ્લા ઘણા દિવસથી ત્રાસ હોય અને પાનની દુકાન તેમજ આસપાસના વેપારીઓ આ દુડિયાથી પરેશાન થઈ ગયા. છે. અને આ બાબતે અનેકવખત પોલીસની પણ જાણ કર્યા છતાં પોલીસ દ્વારા કોઈકાર્યવાહી નહીં કરતા આ દારૂડિયાની હિંમત એટલી બધી વધી ગઈ કે તેણે જાહેરમાં દારૂ પી વીડિયોમાં જ જાણે પોલીસને પણ પડકાર ફેંક્યો છે.

# લોહાનગરમાં આર્થિક ભીંસથી કંટાળી યુવાનનો આપઘાત

## રૈયાધારમાં ગૃહકલેશથી પરિણીતાએ વખ ઘોળતા સારવારમાં ખસેડાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં લોહાનગર વિસ્તારમાં રહેતા યુવાને આર્થિકર્ભીસથી કંટાળી ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવકને ઝેર અવ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

આ અંગેની માહિતી મુજબ શહેરમાં લોહાનગર ટેલિફોન એક્સચેન્જ પાસે ચાર બાય મંદિર પાસે રહેતા શૈલેષ રમેશભાઈ સોલંકી નામનો ૨૭ વર્ષનો યુવાન સવારના નવેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતો ત્યારે ઝેરી દવા પી લીધી હતી. યુવકને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે દોશી હોસ્પિટલ બાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો આ અંગે પ્રાથમિક પૂછપરછમાં શૈલેષ સોલંકી બે ભાઈ બે બહેનમાં મોટો છે અને તેને સંતાનમાં બે પુત્ર છે. સોલંકી મજૂરીકામ કરી પરિવારને આર્થિક મદદ કરે છે. શૈલેષ સોલંકીએ આર્થીકભીંસથી કંટાળી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત અન્ય બીજા બનાવમાં રૈયાધાર વિસ્તારમાં આવેલા મફતિયાપરામાં રહેતી ઉર્વીબેન કાનાભાઈ ચિહલા નામની ૩ વર્ષની પરિણીતા રાત્રિના સાડા દસેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતી ત્યારે ગૃહકલેશથી કંટાળી ઝેરી દવા પી લીધી હતી. પરિણીતાને ઝેરી અસર થતા તાત્કાલ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સુરેન્દ્રનગરના બાળકને ચાંદીપુરા વાયરસ ભરખી ગયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યભરનું આરોગ્ય તંત્ર ચાંદીપુરાના રોગચાળાને કારણે દોડધામ કરી રહ્યું છે. તે દરમિયાન રાજકોટ સિવિલ હોસ્પિટલમાં વધુ એક બાળકનું મૃત્યુ નિપજ્યું છે. સુરેન્દ્રનગરના દસ વર્ષના બાળકને અહીં દાખલ કરવું તેવું સારવારમાં મોત નીપજ્યું હતું..

જાણવા મળ્યા મુજબ સુરેન્દ્રનગરના ૧૦ વર્ષના બાળકને ચાંદીપુરાના લક્ષણો જણાતા ૨૫મી જુલાઈએ તેને સુરેન્દ્રનગર સી. યુ. શાહ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. ત્યાં રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. બે દિવસ સારવાર બાદ બાળકને ૨૭મીએ ઘરે લઈ જવાયું હતું. પરંતુ તબિયત વધુ બગડતાં ૨૮મીએ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા ઝનાના હોસ્પિટલના બાળકોના વિભાગના ખાસ વોર્ડમાં આ બાળકને વેન્ટીલેટર પર રાખી સઘન સારવાર શરૂ કરવામાં આવી હતી. પરંતુ સારવાર તેનું મોત નીપજ્યું હતું. મૃત્યુ પામનાર બાળકનો પરિવાર મુળ બોટાદનો વતની છે. દોઢેક મહિનાથી તેઓ વઢવાણ પંથકમાં રહે છે.

# થોરાળાના ગુજસીટોકના ગુનામાં આરોપીના જામીન મંજુર કરતી હાઈકોર્ટ

## ઓર્ગેનાઈઝ કાઈમ કરતી ટોળકી વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરી'તી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં સંગઠિત થઈ લૂંટ, ખૂન, હથિયાર અને મારા મારી સહિતના ગુના આચરતી ગેંગ સામે થોરાળા પોલીસ મથકના સ્ટાફે કાર્યવાહી કરી ફારુક સલીમ મેઇન સહિત ૧૦ શખ્સો સામે ગુજસીટોક હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી હતી. તપાસ પૂર્ણ થતા અલગ અલગ જેલમાં ધકેલવામાં આવ્યા હતા બાદ તપાસનીશ દ્વારા અદાલતમાં ચાર્જ સીટ રજૂ કરવામાં આવી હતી. ફારુક સલીમ મેઇન દ્વારા સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી જે અરજી નામંજૂર થતા જે હુકમથી નારાજ થતા ફારુક સલીમ મેઇને હાઇકોર્ટમાં જામીન અરજી કરી હતી. આરોપી પક્ષે જામીન અરજીમાં ગુજરાત હાઈકોર્ટમાં દલીલ કરવામા આવેલી હતી કે કહેવાતા ગુન્હા તા.૦૧/૦૧/ ૨૦૧૦ થી ૧૮/૦૬/૨૦૨૦ વચ્ચે બનેલા હોય જયારે એફ.આઈ.આર ૧૯/૦૮/ ૨૦૨૦ ના રોજ નોંધવામા આવેલી હોય તેમજ સદર ગુન્હામા આરોપી નં.૧૦ તરીકે દર્શાવામા આવેલો હોય અને હાલના આરોપી સામે ચાર ગુન્હા પૈકી એક ગુનો ગુજસીટોક કાયદો અમલમા આવ્યા હ પેહલાનો હોય અને તમામ ગુન્હામા આરોપી જામીન મુકત હોય અને આરોપીનો ગુજસીટોકના ગુન્હામા દર્શાવામા આવેલ રોલ તેમજ સર્વોચ્ચ અદાલતના ગુજસીટોક કાયદા સબંધી ચુકાદાઓ એડવોકેટ ધ્વારા ટાકવામા આવેલા હતા.બંન્ને પક્ષકારોને વિગતવાર સાંભળી હાઈકોર્ટના ન્યાયમૂર્તી એ એવા નીપર્કસ પર આવેલ હતા કે તપાસ પૂર્ણ થઈ ગય હોય શરતોને આધીન આરોપીની જામીન અરજી મંજૂર કરી છે. આ કેસમાં આરોપી વતી રાજકોટના યુવા ધારાશાસ્ત્રી સ્તવન જી.મેહતા, નીકુંજ એમ. શુકલ, બ્રિજેશ ચૌહાણ, નીલરાજ રાના, શ્યામ ત્રીવેદી, સત્યજીતસિંહ જાડેજા, પ્રકાશ ચાવડા તથા મદદનીશ તરીકે નીશાંત ચાવડા, ઋષીત રોહીત તથા નીરંજન ભટ્ટી તેમજ ગુજરાત હાઈકોર્ટમાં એડવોકેટ આશીષ ડગલી રોકાયેલ હતા.

# વ્યાજખોરોના ત્રાસથી કંટાળી પ્રૌઢનો આપઘાતનો પ્રયાસ

## આધેડે ૮.૫૦ લાખ વ્યાજે લીધા બાદ ત્રાસ આપી રાજકોટમાં વ્યાજખોરે ચેક બુક પડાવી બે ચેકમાં સહી કરાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં નવી ઘાંચીવાડ વિસ્તારમાં રહેતા આધેડે રૂ.૮.૫૦ લાખ વ્યાજે લીધા હતા. બાદમાં વ્યાજખોરે આધેડ પાસેથી ચેકબુક પડાવી લઈ બે ચેકમાં સહી કરાવી લેતા આધેડે ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આધેડને ઝેરી અસર થતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ નવી ઘાંચીવાડમાં રહેતા અને રિક્ષા લે વેચનું કામ કરતા મુસ્તાકભાઈ આમદભાઈ લીંબલિયા નામના ૫૦ વર્ષના આધેડ સાંજના ચારેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા. ત્યારે ફિનાઈલ પી લીધું હતું. આધેડને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે એ ડિવિઝન પોલીસને જાણ કરતા એ ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો

પ્રાથમિક પૂછપરછમાં મુસ્તાકભાઈ લીંબલીયાએ મનોજ બુંદેલ નામના શખ્સ પાસેથી રૂફૂ૮.૫૦ લાખ વ્યાજે લીધા હતા જૈની સામે મુકેશ બુંદેલે મુસ્તાકભાઈ લીંબલીયા પાસેથી ચેકબુક પડાવી લીધી હતી અને બે ચેકમાં સહી કરાવી લીધી હતી. જેથી વ્યાજખોરના ત્રાસથી કંટાળી મુસ્તાકભાઈ લીંબલીયાએ ફીનાઈલ પી લીધું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે એ ડિવિઝન પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.